**આજનો સુવિચાર**

પ્રેમ શહેરોમાં નહી પણ ગામડાની ઝુપડીઓમાં વસે છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૯ અંક : ૨૬ જૂનાગઢ તા.૧૦-૦૧-૨૦૨૫ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 49 Volume : 26, Junagadh : Date : 10 January, 2025, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay







## દિકરીઓનો શિક્ષણ ખર્ચ ઉઠાવવાની માતાપિતાની જવાબદારી : સુપ્રિમ કોર્ટ



નવી દિલ્હી,તા.૧૦

દિકરીઓને તેમના માતા-પિતા પાસેથી શિક્ષણ સંબંધીત ખર્ચ માંગવાનો પુરેપુરો અધિકાર છે.જો જરૂરી હોય તો, માતા પિતાને તેમની પુત્રીના શિક્ષણ માટે જરૂરી ભંડોળ પુરૂ પાડવા માટે કાયદેસર રીતે ફરજ પાડી શકાય છે તેમ સુપ્રિમ કોર્ટે પોતાના આદેશમાં કહ્યું હતું. કોર્ટે આ ૨૬ વર્ષથી અલગ રહેતા દંપતીના આ કેસમાં આદેશ આપ્યો હતો.આ દંપતીની પુત્રી આયર્લેન્ડમાં અભ્યાસ કરી રહી હતી પિતા દ્વારા માતાને આપવામાં આવેલા ભરણપોષણ ભથ્થામાં પુત્રીના શિક્ષણ માટે રૂા.૪૩ લાખનો સમાવેશ થતો હતો.જે પુત્રીએ પોતાના આત્મ સન્માનનો હવાલો આપીને સ્વીકારવાનો ઈન્કાર કર્યો હતો.

## ખુશખબર : સૌરાષ્ટ્રમાં આંબે આવ્યા ઢગલાબંધ 'મોર'; આ વર્ષે કેસર કેરીનો મબલખ પાક થશે

રાજકોટ તા.૧૦:

હાલ તમો શિયાળામાં જીંજરા કે લીલા શાકભાજી સાથે ઉંધીયાની મજા માણતા હો તો ઉનાળામાં કેસર કેરી પણ તમોને 'ટેસડો' કરાવી દેશે. એક તબકકે ભય રખાતો હતો તેનાથી વિપરીત રાજયમાં શિયાળો ખૂબ જામ્યો છે અને હવે રાજયના અનેક વિસ્તારો જેમાં સૌરાષ્ટ્ર પણ સામેલ છે ત્યાં તાપમાન ૫-૬-૭ ડીગ્રી સેલ્સીયસ નોંધાયું અને હજું પુરો જાન્યુઆરી કાતિલ ઠંડી પડશે તેવી આગાહી છે તે વચ્ચે વધુ એક સારા સમાચાર આવ્યા છે. સારા શિયાળાના કારણે સૌરાષ્ટ્ર-કચ્છ અને રાજયના અન્ય ભાગો જયાં કેસર સહિતની કેરીનો પાક થાય છે ત્યાં આંબામાં 'મોર' પણ ખૂબ જ સારા આવવાનું શરૂ થતા હવે કોઈ કુદરતી આફત ન નડે તો આ વર્ષ કેસર સહિતની કેરીના પાક પણ મબલખ થશે.

# દિલ્હી ગાઢ ધુમ્મસમાં લપેટાયું : જનજીવન પ્રભાવિત



## ટ્રેનો - ફલાઇટ સેવા ખોરવાઇ : કાતિલ ઠંડી યથાવત : તાપમાન ૫ ડીગ્રી નીચે : વાહન વ્યવહારને પણ માઠી અસર

નવી દિલ્હી, તા.૧૦:

દિલ્હી-એનસીઆર સહિત સમગ્ર ઉત્તર ભારતમાં ઠંડીએ ફરી એકવાર પોતાનું તીવ્ર સ્વરૂપ બતાવવાનું શરૂ કરી દીધું છે. આજે સવારે દિલ્હી સહિત ઘણા રાજ્યોના આકાશમાં ધુમ્મસ હતું. ગાઢ ધુમ્મસના કારણે ફરી એકવાર લોકોના રોજિંદા જીવન પર અસર પડી છે. એવું લાગે છે કે કુદરતે આકાશને ધુમ્મસની ચાદરથી ઢાંકી દીધું છે. આ ધુમ્મસની સાથે ઠંડા પવનો અને ખરાબ હવાની ગુણવત્તાએ પણ સામાન્ય લોકોની મુશ્કેલીઓમાં વધારો કર્યો છે. શહેરોમાં સ્ટ્રીટ લાઈટ પણ દેખાતી નથી. કાતિલ ઠંડી પણ યથાવત છે. તાપમાન ૫ ડીગ્રીથી નીચે નોંધાયું છે. આજે સવારે દિલ્હી અને NCR વિસ્તારોમાં દશ્યતા શૂન્ય થઈ ગઈ. ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાનમથક (IGI) એ ફ્લાઈટ્સ પર સંભવિત અસર અંગે એક માર્ગદર્શન જારી કરવી પડી. જોકે, કેટલી ફ્લાઈટ્સ અને ટ્રેનોને અસર થઈ તેની માહિતી હાલમાં ઉપલબ્ધ નથી. આ ધુમ્મસ જાન્યુઆરીની શરૂઆતથી સતત છે, જ્યારે ૨ અને ૩ જાન્યુઆરીએ નવ કલાક માટે દશ્યતા શૂન્ય હતી. દિલ્હી-એનસીઆરમાં આજે સિઝનનું સૌથી ગાઢ ધુમ્મસ જોવા મળી રહ્યું છે. દરેક વિસ્તાર ધુમ્મસની ચાદરમાં લપેટાયેલો દેખાય છે. ગાઢ ધુમ્મસને કારણે દશ્યતામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. અક્ષરધામ, મંદિર માર્ગ, સાકેત અને પુસા રોડ જેવા સ્થળોએ સવારે દશ્યતા ૧૦ મીટરથી ઓછી હતી. જો હવામાન વિભાગનું માનવું હોય તો, ગાઢ ધુમ્મસ દિલ્હીમાં લોકોને વધુ મુશ્કેલીમાં મૂકશે. આગામી દિવસોમાં ધુમ્મસની સ્થિતિ યથાવત રહેવાની ધારણા છે. તેથી, જ્યાં સુધી ખૂબ જ જરૂરી ન હોય ત્યાં સુધી ઘરની બહાર ન નીકળો.

## કેન્દ્રીય કર્મચારીઓને ૫૬ ટકાના દરે મોંઘવારી ભથ્થુ મળશે

નવી દિલ્હી, તા.૧૦:

કેન્દ્રીય કર્મચારીઓ માટે સારા સમાચાર છે. નવેમ્બરનો AICPI ઈન્ડેક્સનો આંકડો આવી ગયો છે. તેમાં કોઈ ફેરફાર થયો નથી. તેમ છતાં કર્મચારીઓ માટે એક સારા સમાચાર છે. તે નક્કી થઈ ગયું કે આ વખતે કર્મચારીઓને ૫૬ ટકાના દરે મોંઘવારી ભથ્થું મળશે. હકીકતમાં ઓક્ટોબર ૨૦૨૪ સુધી ડીએનો સ્કોર ૫૫.૦૫ ટકા હતો, પરંતુ નવેમ્બરમાં તે વધી ૫૫.૫૪ ટકા થઈ ગયો છે. હવે ૩૧ જાન્યુઆરીની રાહ જોવામાં આવી રહી છે, જ્યારે ડિસેમ્બર મહિના માટે AICPI ઈન્ડેક્સના આંકડા જાહેર થશે. ત્યારબાદ ફાઈનલ નંબર નક્કી થશે. પરંતુ હવે ૫૬ ટકાથી વધુ મોંઘવારી ભથ્થું અસંભવ લાગી રહ્યું છે. કુલ મળી કર્મચારીઓના ડીએમાં ત્રણ ટકાનો વધારો લગભગ નક્કી થઈ ગયો છે. નવેમ્બર ૨૦૨૪નો AICPI ઈન્ડેક્સ ૧૪૪.૫ પોઈન્ટ પર યથાવત રહયો, જે ઓક્ટોબરમાં પણ ૧૪૪.૫ પોઈન્ટ પર હતો. પરંતુ મોંઘવારી ભથ્થાનો સ્કોરમાં આશરે ૦.૪૯ ટકાનો વધારો જોવા મળ્યો છે.

## અંબાલાલ પટેલ એ ૧૨ થી ૧૮ જાન્યુઆરી દરમ્યાન માવઠુ પડવાની આગાહી કરી

રાજકોટ તા. ૧૦:

આગામી તા.૧૨ થી ૧૮ જાન્યુઆરીના માવઠુ પડવાની આગાહી આંબાલાલ પટેલે કરી છે. તેમજ હવામાન વિભાગની ઠંડીને લઈ આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં ઠંડીનો ચમકારો યથાવત છે. તેમજ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સનાં કારણે તાપમાનમાં વધારો થશે.હવામાન વિભાગ દ્વારા ઠંડીને લઈ આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં ઠંડીનો ચમકારો યથાવત રહેશે. આગામી સમયમાં ફરીથી તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રી તાપમાન ઘટતા ઠંડીનો અનુભવ થશે. તેમજ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સનાં કારણે તાપમાન વધશે. ઉત્તરાયણના દિવસે ઠંડીનો થશે અનુભવ તો અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રી આસપાસ રહેશે. રાજ્યમાં પવનની ગતિ ૫ થી ૧૦ કિમી આસપાસની રહેશે. તેમજ ઉત્તરાયણનાં દિવસે ઠંડીનો અનુભવ થશે. તેમજ ૧૪ જાન્યુઆરીનાં પ્રતિ કલાકે ૧૦ થી ૨૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાશે. આગામી દિવસોની આગાહીને લઈ અંબાલાલે જણાવ્યું કે ઉતરીય પર્વતીય દેશમાં ઠંડા પવન ફૂંકાતા ઠંડી વધશે.

# 'મારાથી પણ ભૂલો થાય, હું માણસ છું, ભગવાન નહીં' : વડાપ્રધાન મોદી

નવી દિલ્હી તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઝેરોધાના કો-ફાઉન્ડર નિખિલ કામથ સાથે પોડકાસ્ટ કર્યું હતું. કામથે ગરૂવારે તેનું ટ્રેલર રિલીઝ કર્યું હતું. જેમાં પીએમ મોદી કહે છે કે તેઓ પણ ભૂલો કરે છે, તેઓ ભગવાન નથી, મનુષ્ય છે. પીએમ મોદીનો આ પહેલો પોડકાસ્ટ ઈન્ટરવ્યૂ છે. આ ઈન્ટરવ્યૂમાં પીએમ વિશ્વમાં યુદ્ધની સ્થિતિ, રાજકારણમાં યુવાનોની ભૂમિકા, તેમના પ્રથમ અને બીજા કાર્યકાળના અનુભવો અને અંગત વિચારો પર ચર્ચા કરતા જોવા મળે છે. રાજકારણમાં યુવાનોના પ્રવેશ અંગે તેમણે કહ્યું કે યુવાનોએ મહત્ત્વાકાંક્ષા સાથે નહીં પરંતુ મિશન સાથે રાજકારણમાં આવવું જોઈએ.



## પ્રથમવાર મોદી પ્રોડકાસ્ટ ઉપર આવ્યા નિખિલ કામથ સાથે ઈન્ટરવ્યુ


વીડિયોમાં કામથ કહે છે- 'હું અહીં તમારી સામે બેઠો છું અને વાત કરી રહ્યો છું, હું નર્વસ છું. આ મારા માટે મુશ્કેલ વાતચીત છે. જેના પર પીએમ મોદીએ જવાબ આપ્યો હતો કે, 'આ મારો પહેલો પોડકાસ્ટ છે, મને ખબર નથી કે તમારા દર્શકોને તે કેવી રીતે ગમશે.' પીએમ મોદીએ આનું ટ્રેલર પણ પોસ્ટ કર્યું અને લખ્યું - 'મને આશા છે કે તમે બધા આ ઈન્ટરવ્યૂનો એટલો જ આનંદ લેશો, જેટલો અમને આ વાતચીતમાં આવ્યો!'


## દેશમાં ગુજરાતની નવતર પહેલ : બાળકોને સ્માર્ટ ફોનથી દૂર રાખવા સરકાર માર્ગદર્શિકા જાહેર કરશે

ગાંધીનગર, તા.૧૦

સમગ્ર દેશના વાલીઓ માટે સૌથી મોટો ચિંતાનો વિષય એ બન્યો છે કે, તેમના બાળકો સ્માર્ટ ફોનને મૂકતા નથી. રમવા કે ભણવાની જગ્યાએ તેઓ સ્માર્ટ ફોનને સથવારે સોશિયલ મીડિયા ઉપર જ વ્યસ્ત રહે છે. આ બાબત બાળકની માનસિક સ્વાસ્થ્ય માટે અત્યંત હાનિકારક હોવા છતાં બાળકો તેમને મા-બાપ કે વાલીઓની વાતને માનવા તૈયાર નથી. ત્યારે ગુજરાત સરકારે હવે એક પ્રશંસનીય પહેલ કરવાની દિશામાં કવાયત આદરી છે. જે મુજબ, બાળકો મોબાઈલનો ઉપયોગ ઓછો કરે અને રમત ગમત પ્રત્યે વધુ ધ્યાન આપે તે માટે એક ખાસ ગાઈડલાઈન જાહેર કરાશે. બાળકો સોશિયલ મીડિયાથી દૂર રહી પોતાના જીવનમાં વાંચન અને રમતગમતને સ્થાન આપે તે માટે શિક્ષકો અને વાલીઓ-બાળકો માટે માર્ગદર્શિકા બહાર પાડનારૂં ગુજરાત પ્રથમ રાજ્ય હશે અને અન્ય રાજ્યો ગુજરાતથી પ્રેરણા લેશે.


સૌરાષ્ટ્રભૂમિ દૈનિકના ૪૯ માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...
ચંદુભાઈ મારવાણીયા
મો.૯૯૭૯૨ ૮૮૬૦૭ / મો.૮૩૨૦૩ ૭૮૬૩૪
ઉમીયાજી સીંગતેલ મીની ઓઈલ મીલ
મગફળીનું ડબલ ફિલ્ટર શુધ્ધ સિંગતેલ મળશે.
સીંગતેલ લેવા માટેનું સ્થળ :
ઉમીયાજી ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ
શુભમ કોમ્પ્લેક્ષ, ઝાંઝરડા ચોકડી, જૂનાગઢ
શ્રી મંદિરની પાછળ, ગામઠી હોટલ પાસે, ખામધ્રોળ ચોકડી, બાયપાસ રોડ, જૂનાગઢ.

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
(પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે )
અન્યો માટે રાહતદરે સારવાર
હરિ-કલા +
યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેક્ટલ સર્જન

ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ૧૦૦% સારૂ થવાની ગેરેંટી
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૨૬૫૦ ૬૪૬૭૪, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જાગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL

બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો



સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૯માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...
સીઝન સ્પેશિયલ સિંગતેલ

ફેકટરી એડ્રેસ :
ગ્રીન - બે ફાર્મ્સ પ્રાઈવેટ લિમિટેડ
સર્વે નં. ૩૫૧, મુ. કણઝડી, તા. વંથલી, જી. જૂનાગઢ
ગુજરાત - ૩૬૨ ૬૧૦
મો. +૯૧ ૯૭૨૭૭ ૭૧૭૦૩

હું દેશભરમાં આવા ઠુમરીના કાર્યક્રમો શરૂ કરીશ જેનો પ્રથમ શ્રેય નીઓ રાજકોટ ફાઉન્ડેશ દ્વારા આયોજીત રાજકોટની સપ્તસાંગીતિની સૌપ્રથમ વાર ત્રણ કલાક ઠુમરીસભાને ફાળે જાય છે

# શાસ્ત્રીય સંગીત તજજ્ઞ પદ્મભૂષણ પં. અજય ચક્રબર્તીજીના મિશ્રીતભાવસભર ઠુમરીરસ -રાગની સમજથી સપ્તસંગીતિનો શ્રોતાખંડ બન્યો વર્ગખંડ

## મારૂ સર્વસ્વ સંગીત છે; હું દસ રાત્રી ઠુમરી ગાઈ શકું તેટલો ખજાનો મારી પાસે છે: પંડિત અજય ચક્રવર્તીજી











(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૧૦

હું દેશભરમાં આવા ઠુમરીના કાર્યક્રમો શરૂ કરીશ જેનો પ્રથમ શ્રેય નીઓ રાજકોટ ફાઉન્ડેશ દ્વારા આયોજીત રાજકોટની સપ્તસાંગીતિની સૌપ્રથમ વાર ત્રણ કલાક ઠુમરીસભાને ફાળે જાય છે તેમ નીઓ રાજકોટ ફાઉન્ડેશ દ્વારા આયોજીત સાત દિવસીય સપ્તસંગીતિ ૨૦૨૫ સમારોહના અંતિમ દિવસે પદ્મભુષણથી સન્માનિત પંડિત શ્રી અજય ચક્રવર્તીજી એ સંગીતપ્રિય શ્રોતાઓને સુરોથી તરબતર કરતા કહ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે વષ ૨૦૧૯માં પં. અજય ચક્રબર્તીજીના કંઠે શાસ્ત્રીય સંગીતના ખયાલ અંગ સાંભળવાનો લાહવો મળ્યો હતો, જ્યારે આ અંતિમ દિવસે ઠુમરી અંગનો આસ્વાદ લેવાનો શ્રોતાઓને અવિસમરણીય મોકો મળ્યો હતો. સંગીત સભાની શરુઆત આ દિવસના પેટ્રન એચજે ઈન્ડીયા પ્રા.લી. ના શ્રી વિનોદભાઈ દોશી, શ્રી દેવેનભાઈ દોશી અને શ્રી પારસભાઈ દોશી તથા શુભેચ્છક ડો.કે.કે.રાવલના હસ્તે દિપ પ્રાગટયથી કરવામાં આવી હતી. સભાની શરુઆતમાં નીઓ રાજકોટ ફાઉન્ડેશનના ડિરેક્ટરશ્રીઓ અને ટીમના સભ્યોએ સભાખંડમાં સ્થાન પર ઉભા થઈને શ્રોતાઓએ તાલીઓના ગડગડાટથી વરસતો આભાર અને અભિનંદનવર્ષા ઝીલી હતી. પં. અજયજી એ તેમની કલા પ્રસ્તુતિ પહેલા સમગ્ર સપ્તસંગીતિની ટીમ અને ખાસ કરીને રાજકોટની જનતાનો આભાર વ્યક્ત કર્યો હતો અને કહ્યું હતું કે ઠુમરી માટે આ ત્રણ કલાકની સભાનું આયોજન કરવું તે ખરેખર કઠીન કાર્ય છે અને હવેથી હું દેશભરમાં આવા ઠુમરીના કાર્યક્રમો શરૂ કરીશ જેનો શ્રેય રાજકોટની સપ્તસાંગીતિની પ્રથમ સભાને ફાળે જાય છે. તેમની પ્રથમ પેશકશમાં બનારસ અંગની કલ્યાણ રાગમાં નિબદ્ધ અબ તો આન મિલો સજના ઠુમરી રજુ કરી હતી જેમાં ભાવો અને લયનું સુંદર મિશ્રણ હતું. જેમાં મારુ બિહાર, કામોદ, કેદાર, શ્યામ કલ્યાણ અને આસાવરી જેવા રાગોની છાંટ રજૂ કરી શ્રાવકોને મોહિત કરી દીધા હતા. પંડિતજી પરિપૂર્ણ કલાકાર હોવાની સાથે એક શ્રેષ્ઠ કલા ગુરુ પણ હોવાથી શ્રોતાઓને તેમની દરેક પેશકશમાં ઠુમરીના શબ્દો અને તેમાં રહેલા ભાવની સમજ આપતા જાણે સભાખંડ વર્ગખંડ બની ગયો હોય તેવું લાગતું હતું. ઝપતાલમાં કાહે કરત મોસે શબ્દો અને તેના ભાવ સમજાવી પ્રસ્તુત કર્યું હતું. ત્યારબાદ ખમાજમાં મિલકે લે પદ તાલ ગાઓ બજાવો આ બંધીશ શબ્દોની રમત સાથે પ્રસ્તુત કરી હતી. પંડિતજી એ ફિલ્મોના ઘણા રાગ આધારિત ગીતો લલકારી સંભળાવ્યા હતા અને કહ્યું હતું કે આ ગીત જેટલા પ્રચલિત છે પરંતુ રાગ છુપાઈ ગયો છે, આપણે આવનારી પેઢીને રાગની મહાનતા વિશે માહિતગાર કરવા તે આપણી જવાબદારી છે. પંડિતજી સાથે તેમની શિષ્યા આયેશા મુખર્જીએ અતિ મધુર અવાજમાં પિયા કી બોલ ન બોલ ઠુમરી રજૂ કરી હતી તેમના અન્ય શિષ્ય બ્રજેશ્વર મુખર્જીએ બડે ગુલામ અલી ખાન સાહેબને જાણીતી અને ખૂબ પ્રિય બંધીશ પ્રેમ કી મારે કટારે રાગ સોહનીમાં રજૂ કરી હતી. આ તમામ કલાકારો સાથે સૌથી યુવા અને પ્રતિભાવાન તબલાવાદક ઈશાન ઘોષે અદભુત તબલા વાદન રજૂ કર્યો હતો. સભાને આગળ વધારતા પંડિતજીએ મિયા કી મલ્હાર રાગના બંધારણ અને તેની રચના વિશે માહિતી આપતા બદરીયા ગીર આઈ રજૂ કરી હતી. જેમાં પંડિતજી એ રાગ દરબારીની છાંટ બન્ને ગંધાર અને બન્ને નિષાદના ઉપયોગ સાથે રજૂ કરી હતી. ત્યારબાદ રાગ પહાડીમાં બ્રજેશજી સાથે પંડિત અજય ચક્રવર્તીજીએ અબ તો આવો સજના દાદરામાં ખૂબ હૃદયસ્પર્શી ભાવથી રજૂ કર્યું હતું. પંડિતજીની પ્રિય ઠુમરી યાદ પિયા કિ આયે રજૂ કરતા શ્રોતાઓ તલ્લીન થઈ ગયા હતા. આયેશા મુખરજીની માંજ ખમાજ રાગમાં પ્રેમ અગન જીહરા જલાવે બંદેશ પંડિતજી સાથે રજૂ કરી હતી અને સભાનું સમાપન રાગ ભૈરવીથી તડપત બીતી મોરી ઉન બીન રતિયા પ્રસ્તુત કરી હતી, જેમાં ઉસ્તાદ મુરાદઅલી ખાનની સારંગી અને પંડિતજીના કંઠની જુગલબંધી અદભુત મીઠાશ ઘોળતી હતી. કાર્યક્રમના અંતે સર્વે કલાકારોનું શાલ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. દર વર્ષની જેમ આ વર્ષે પણ કાર્યક્રમની અભુતપૂર્વ સફળતા માટે ૧૦૦ થી વધુ કર્મઠ વોલિયેન્ટર્સ અને કોર કમિટીના સભ્યો દ્વારા નીઓ રાજકોટ ફાઉન્ડેશનના ડિરેક્ટર્સના માર્ગદર્શનમાં ખડેપગે દિવસ-રાત કામગીરી કરી હતી. જેમાં નિઓ ડાયરેક્ટર્સ, કોર કમિટી, ગેસ્ટ સિટીંગ મેનેજમેન્ટ કમિટી, ગેઈટ એન્ટ્રી મેનેજમેન્ટ કમિટી, સ્ટેજ મેનેજમેન્ટ કમિટી, આર્ટીસ્ટ હોસ્પિટાલીટી એન્ડ કોર્ડિનેશન કમિટી, રીફ્રેશમેન્ટ કમિટી, મંડપ-ડેકોરેશન-લાઈટીંગ કમિટી, સાઉન્ડ એન્ડ સ્ટેઈજ વિઝયુલ કમિટી, મિડિયા કમીટી, તેમજ ડેટાબેઈઝ-પાસીસ એન્ડ રજીસ્ટ્રેશન કમિટી જેવી વિવિધ ટીમો દ્વારા ૧૦ થી વધુ નામાંકીત એજન્સીઓ સાથે સાયુજય સાધી સપ્ત સંગીતિ ૨૦૨૫ને અભૂતપૂર્વ સફળતા અપાવી હતી, જે દર વર્ષે ઉતરોતર નવા-નવા આયામો સર કરી રહી છે. આ પ્રસંગે નીઓ રાજકોટ ફાઉન્ડેશનના ડિરેક્ટર શ્રી દિપકભાઈ રિંડાણી એ ૨૦૨૬ની સાલમાં સપ્તસંગીતિના આયોજન પહેલા આ વર્ષાંતે નૃત્યકલા માટે ખાસ સભાનું આયોજન કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. અને શ્રોતાને પણ નાના પાયે ઘર આંગણે પણ સંગીત સભાના આયોજન કરીને કલા અને સંગીતના વારસાને પોષવા અને જતન કરવા અપીલ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીધામ, મોરબી, જામનગરથી સંગીતની આરાધના કરતા વિદ્યાર્થીઓ આ કાર્યક્રમ માણવા આવતા હતા. જેમાં ગોંડલની સંગીત સંસ્થા સાથે જોડાયેલા દસ થી પંદર વર્ષના બાળકો નિયમીત ૭ દિવસ સુધી કાર્યક્રમ માણવા આવતા અને કલાકારોની પ્રસ્તુતીની નોંધ કરતા હતા. આ સાત દિવસના કાર્યક્રમોને માણવા હજારો લોકોએ રસ દાખવ્યો હતો અને દેશના અનેક શહેરો અને વિદેશમાંથી કલારસીકોએ રજીસ્ટ્રેશન કરાવ્યા હતા. સતત સાત દિવસ શ્રોતાઓએ શિષ્તબધ્ધ રીતે, મનભરી આ કાર્યક્રમોને માણ્યા હતા. સપ્ત સંગીતિના સઘળા આયોજનનો યશ નીઓ રાજકોટ ફાઉન્ડેશનના તમામ ડિરેકટરશ્રીઓને જાય છે. જેમા સર્વે ડિરેકટરશ્રીઓ, શ્રી પરાક્રમસિંહ જાડેજા, શ્રી મુકેશભાઇ શેઠ, શ્રી અરવિંદભાઈ પટેલ, શ્રી દીપકભાઈ રીંડાણી, શ્રી વિક્રમભાઈ સંઘાણી, શ્રી હિરેનભાઈ સોઢા, શ્રી અતુલભાઈ કાલરિયા, શ્રી વિનેશકુમાર પટેલ અને શ્રી મનેષભાઈ મદેકા સેવાઓ આપે છે અને સમગ્ર શ્રેષ્ઠ સંચાલનમાં યોગદાન આપે છે. કાર્યક્રમની સફળતામાં ૧૦૦ થી વધુ સ્વયં સેવકોની સમર્પીત ટીમ દ્વારા સતત સાત દિવસ દરમિયાન બહોળી સંખ્યામાં કાર્યક્રમ માણવા આવતા કલાપ્રેમીઓની સુચારૂ વ્યવસ્થા જાળવી હતી અને આયોજનને અપ્રતિમ સફળતા અપાવી હતી. આ સફળ આયોજન માટે નીઓ રાજકોટના ડિરેક્ટરોએ સર્વે નિસ્વાર્થ સ્વયંસેવકોની ટીમનો, તમામ શ્રોતાઓનો, તમામ મિડિયા અને અખબારો અને તમામ એજન્સીઓનો કે જેમણે આખા કાર્યક્રમને સફળ બનાવ્યો તે તમામનો દિલથી આભાર વ્યક્ત કર્યો હતો અને આવતા વર્ષે ફરી નુતન હેતુ માટે નવા રૂપરંગ સાથે પ્રસ્તુત થવાની નેમ વ્યક્ત કરી હતી.

# વેરાવળનાં નાવદ્રાના ગ્રામજનોને જનજાગૃતિ કાર્યક્રમ પહેલા જાથા આકાશ દર્શન કરાવશે

### મંગળ, ગુરૂ, શુક્ર, શનિ ગ્રહોનો અવકાશમાં અદભુત નજારો : આકાશમાં ગ્રહોનો નજારો નિહાળવા વિજ્ઞાન જાથાની અપીલ : જાન્યુઆરી તા. ૨૧ અને ૩૧ મી એ રાજયમાં લોકોને જાથા આકાશ દર્શન કરાવશે

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૧૦

વૈશ્વિક સ્તરે ખગોળ વિજ્ઞાને અસાધારણ પ્રગતિ કરી છે. વૈજ્ઞાનિકો અવકાશી ગ્રહોના અનેક રહસ્યો ખોલી લોકોને માહિતગાર કર્યા છે. વર્તમાન દિવસોમાં સ્વચ્છ આકાશમાં ગ્રહોનો અદભૂત નજારો જોવાનો અવસર છે. આકાશમાં ચંદ્ર સહિત મંગળ, ગુરૂ, શુક્ર, શનિ ગ્રહો આબેહુબ આકાશમાં નરી આંખે જોઈ શકાય છે. શનીવારે વેરાવળ પાસેના નાવદ્રા ગ્રામજનોને જાથા આકાશ દર્શન કરાવશે. રાજયમાં જાન્યુઆરી તા. ૨૧ અને ૩૧ મી એ જિલ્લા, તાલુકા, પસંદગીના સ્થળોએ અવકાશી નજારાથી લોકોને અવગત કરાવવામાં આવશે. રાજયમાં અવકાશી ગ્રહોનો નજારો નિહાળવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ લોકોને અપીલ કરી છે. જાથાના રાજય ચેરમેન એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે દેશભરમાં લોકો આકાશ તરફ નજર કરતાં થાય તેવું અભિયાન ચાલી રહ્યું છે. ખગોળ વિષયક વધુમાં વધુ જ્ઞાન-વિજ્ઞાનની માહિતી મળે તેવા પ્રયાસો જાથા કરી રહ્યું છે. અત્યારે આકાશમાં સંધ્યા સમય બાદ બે કલાક સુધી મંગળ, ગુરૂ, શુક્ર, શનિ ગ્રહો નરી આંખે આબેહુબ જોઈ શકાય છે. વિજ્ઞાન ઉપકરણથી આહલાદક જોવા મળે છે. ગિર સોમનાથ જિલ્લાના વેરાવળ પાસેના નાવદ્રા ગ્રામજનોને જનજાગૃતિ કાર્યક્રમ પહેલા આકાશ દર્શન જાથા કરાવશે. લાખો-કરોડો માઈલ દૂર ગ્રહો વાસ્તવમાં માનવજીવનને નડતરરૂપ થઈ શકે કે નહિ તે સંબંધી માહિતી આપશે. ગ્રહો-ગ્રહણો, યુતિ વિગેરેની ભૂમિકા સ્પષ્ટ કરવામાં આવશે. માનસિક નબળા કે માનસિક પછાત માનવીને જ ગ્રહો કેમ નડે છે તે સંબંધી વાત મુકવાં આવશે. નિર્જીવ વાયુ કે ઢેફા સ્વરૂપે સૂર્યની આસપાસ પરિભ્રમણ કરી રહેલા ગ્રહો વાસ્તવમાં નડે ખરા ? વિજ્ઞાનની સિધ્ધીઓની વાત કરવામાં આવશે. પૃથ્વી ઉપર દર મિનિટ શુભ-અશુભ, હોની-અનહોની, લાભ-નુકશાન જેવી કુદરતી ઘટનાઓ બને છે તેને કોઈ રોકી શકતું નથી. બ્રહ્માંડને જાણવા વિજ્ઞાન પણ સંશોધનો કરી મથી રહ્યું છે ત્યારે માત્ર ચોપડીના આધારે આકાશના પદાર્થો જાણવા મુશ્કેલ છે. ખગોળ વિજ્ઞાન અને અંધશ્રદ્ધા દૂર કરવાના હેતુથી આકાશ દર્શનનો કાર્યક્રમ છે. અમુક ગ્રહો નેપચ્યુન, યુરેનસ અદ્યતન વિજ્ઞાન ઉપકરણથી જ જોઈ શકાય છે. બુધ સૂર્યાસ્ત પછી થોડો સમય અને સૂર્યોદય પહેલાં જોવા મળે છે. ગ્રહો પરિભ્રમણ કરતાં કરતાં કઈ રાશિના નામ પ્રમાણે ઓળખ મેળવી શકે તે યક્ષ પ્રશ્ન છે ? હિન્દુ-મુસ્લીમ, ક્રિશ્ચિયન, વિગેરે અમુક જ્ઞાતિ-જાતિ-કોમને રાશિની લેશાત્ર ખબર નથી તો કઈ રીતે નડે જેવા પ્રશ્નોના જવાબ આપવામાં આવશે. ચંદ્રની હાજરીમાં ગ્રહોની પરેડની માહિતી આપવામાં આવશે. જાથાના જયંત પંડયાએ માહિતી આપતા જણાવ્યું કે સૌરમંડળમાં ગ્રહોમાં ખગોળીય ઘટના અવારનવાર બનતી હોય છે. તમામ ગ્રહો એક જ ધરી ઉપર આખું ચક્કર લગાવતા નથી. તેઓ અવકાશની ત્રિસ્તરીય કક્ષામાં ફરે છે તથા ગ્રહો અને ઉપગ્રહોની ભ્રમણની ગતિ એકબીજાની સરખામણીમાં જુદી જુદી હોય છે. જેથી સીધી લીટીમાં ક્યારેય આવી શકતા નથી પરંતુ તેઓ ભ્રમણ કરતાં કરતાં ક્યારેક આવી સ્થિતિમાં આવી જાય છે કે પૃથ્વી ઉપરથી આપણને તેઓ ગ્રહો લાઈનમાં જોવા મળે છે. ગ્રહોની પોતાની ઓળખ હોય છે. વર્તમાન ચાલુ દિવસો ઉપરાંત જાન્યુઆરી તા. ૨૧ મી અને ૩૧ મી એ આકાશમાં અવકાશી નજારો જોવાનો લ્હાવો છે તેમાં સૌ કોઈ સાક્ષી બને તે માટે જાથા દેશભરમાં જનજાગૃતિથી લોકોને માહિતગાર કરવાના છે. લોકો આકાશ તરફ નજર કરતાં થાય તે માટેનું વિજ્ઞાન જાથાનું દેશવ્યાપી અભિયાનના ભાગરૂપે આયોજનો કરવાના છે. નરી આંખે પાંચ ગ્રહો જોવાનો મોકો લોકોને મળવાનો છે તેની મજા લેવા જાથા લોકચળવળથી માહિતગાર કરનાર છે. જાથા ગ્રહો સંબંધી જાણકારી આપે છે તેમાં શુક્ર ગ્રહ : તેજસ્વી ગ્રહને કારણે ક્યારેક ધોળે દિવસે પણ જોવા મળે છે. સૂર્ય ફરતે પ્રદક્ષિણા કરતા ૨૨૪.૭૦ દિવસ લાગે છે. તેનો વેગ પ્રતિ કલાક ૧,૨૬,૦૭૦ છે. ધરી ભ્રમણનો સમય ૨૪૩ દિવસ ૧૪ મિનિટ છે. મંગળ ગ્રહ : આકાશમાં વધુ લાલાશને કારણે ઓળખાય જાય છે. તેને બે ઉપગ્રહો છે. સૂર્ય ફરતે પ્રદક્ષિણા કરતા ૬૮૬.૯૮ દિવસ લાગે છે. તેનો વેગ પ્રતિ કલાક ૮૬,૬૮૦ છે. ધરી ભ્રમણનો સમય ૨૪ કલાક ૩૭ મિનિટ છે. આ ગ્રહ ઉપર કયારેય શાંતિ નથી અને ડમરીઓ તેમજ વાવાઝોડા જોવા મળે છે. ગુરૂ ગ્રહ : બધા ગ્રહોમાં સૌથી વિરાટ કદ ધરાવતો અને સૌથી મોટો પરિવાર ધરાવતો ગ્રહ ગુરૂ છે. તેને ૩૯ ઉપગ્રહો છે. સૂર્ય ફરતે પ્રદક્ષિણા કરતા ૧૧.૮૬ વર્ષ લાગે છે. તેનો વેગે પ્રતિ કલાક ૪૭,૦૦૦ છે. ધરી ભ્રમણનો સમય ૯ કલાક ૫૫ મિનિટ છે. શનિ ગ્રહ : સૌર મંડળમાં સૌથી સોહામણો અને વલયોના કારણે તેની સ્પષ્ટ ઓળખ થાય છે. તે ૩૦ ઉપગ્રહો ધરાવે છે.

સૂર્ય ફરતે પ્રદક્ષિણા કરતા ૨૯.૪૬ વર્ષ લાગે છે. તેનો વેગ પ્રતિ કલાક ૩૪,૭૦૦ છે. ધરી ભ્રમણનો સમય ૧૦ કલાક ૪૦ મિનિટ છે. બુધ ગ્રહ : સૂર્યાસ્ત અને સૂર્યોદય પહેલા અમુક સમય માટે જોવા મળે છે. સૂર્ય ફરતે પ્રદક્ષિણા કરતા ૮૭.૯૭ દિવસ લાગે છે. તેનો વેગ પ્રતિ કલાક ૧,૭૦,૫૦૦ છે. ધરી ભ્રમણનો સમય ૫૮ દિવસ ૧૬ કલાક છે. તેને એકપણ ઉપગ્રહ નથી. નેપચ્યુન ગ્રહ: લીલા રંગનો છે અને તે મુખ્યત્વે વાયુનો બનેલો છે. યુરેનસ ગ્રહ : પૃથ્વીથી એટલો દૂર છે તે સામાન્ય દૂરબીનથી જોઈ શકાતો નથી. ઉપગ્રહ ચંદ્ર પૃથ્વીનો મિત્ર હોય આ માનવજીવન ઓતપ્રોત બનેલું છે તે સૌ કોઈ જાણે છે. અંતમાં આકાશમાં ચાલુ દિવસોમાં ચાર ગ્રહોનો નજારો જોવા મળે છે. તે ઉપરાંત જાન્યુ. તા. ૨૧ અને ૩૧ મી એ સૂર્યાસ્ત પછીના સમયમાં અને મધ્ય રાત્રિએ પોતાની અગાસી ઉપર અને ફલડ લાઈટોથી દૂર નિર્જન જગ્યાએથી ગ્રહો આહલાદક જોઈ શકાશે. દૂરબીન, ટેલીસ્કોપથી ગ્રહોનો સ્પષ્ટ નજારો જોવા જાથાએ દેશવાસીઓને અપીલ કરી છે. વાદળા અવરોધરૂપ થાય તો નજારો જોઈ શકાશે નહિ તેમ જણાવવામાં આવ્યું છે. જાથાના રોમિત રાજદેવ, અંકલેશ ગોહિલ, ગુલાબસિંહ ચૌહાણ, પ્રકાશ મનસુખભાઈ, ભાનુબેન ગોહિલ, ભાવનાબેન વાઘેલા અને જાથાની ૧૪ શાખાના કાર્યકરો આકાશ દર્શનમાં જોડાવવાના છે.

# રાજગોર બ્રાહ્મણ મહિલા મંડળ, જૂનાગઢ દ્વારા ઉચ્ચ ડિગ્રી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાઈ ગયો



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૦

રાજગોર બ્રાહ્મણ મહિલા મંડળ, જૂનાગઢ દ્વારા તારીખ ૮, જાન્યુઆરીના રોજ વિદ્યાર્થી ભુવન ખાતે ઉચ્ચ ડિગ્રી લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓનો દબદબાભર્યો સન્માન સમારોહ યોજાઈ ગયો. આ સમારોહમાં અધ્યક્ષ સ્થાને સ્વામી નિજસ્વરૂપાનંદ સરસ્વતીજી, કેળવણીકાર ગિજુભાઈ ભરાડ, પૂર્વ ધારાસભ્ય ભીખાભાઈ જોશી, ચાપરડાના પ્રતિનિધિ રાઠોડ સાહેબ, જ્ઞાતિ અગ્રણી જયેશભાઈ દવે, વિપુલભાઈ તેરૈયા, કેતનભાઈ બોરીસાગર, વાંચન વલોણાના પ્રણેતા એલ. વી. જોશી, સમસ્ત બ્રહ્મ સમાજ જૂનાગઢ શહેરના મહામંત્રી જયંતીભાઈ શીલુ, જયેશભાઈ ભરાડ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. મહિલા મંડળના પ્રમુખ મીનાક્ષીબેન અને સર્વે સભ્ય મહિલાઓની પ્રવૃત્તિઓને બિરદાવી હતી. જૂનાગઢમાં સૌપ્રથમ વખત મહિલા મંડળ દ્વારા ઉચ્ચ ડિગ્રી વિદ્યાર્થીઓનો સન્માનનો કાર્યક્રમ યોજવામાં આવેલ. અત્રે યાદ આપવું ઘટે કે અગાઉ મહિલા મંડળ દ્વારા ભાગવત સપ્તાહનું પણ ભવ્ય અને સફળ આયોજન કરવામાં આવેલ હતું. આ સન્માન સમારોહમાં ૬૦થી વધારે વિદ્યાર્થીઓને શિલ્ડ, સ્કૂલબેગ ઘડિયાળ તેમજ બોલપેનનું પેકેટ આપી મહાનુભાવોના હસ્તે પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે જયંતીભાઈ શીલુએ પ્રારંભિક પ્રવચનમાં કહ્યું કે વિદ્યાર્થીઓએ ગ્રેજ્યુએશન પૂર્ણ કરી લીધું છે ત્યારે હવે પછી તમારો ધ્યેય જીપીએસસી, યુપીએસસી જેવી પરીક્ષાઓ પાસ કરીને ઉચ્ચ સ્થાન પર સફળ થવા માટે પ્રયત્નો શરૂ કરી દેવા જોઈએ. શિક્ષણવિદ ગિજુભાઈ ભરાડે વિદ્યાર્થીઓને પ્રેરક ઉદબોધન કરતા કહ્યું કે આપણા સમાજમાં મલ્ટીનેશનલ કોઈ કંપની નથી. સંઘના હોદ્દેદારોએ એકાદ તાલીમ કેન્દ્ર ખોલવું જોઈએ. જો સમાજે આગળ આવવું હોય તો ક્યારેય વાદવિવાદને કોઈ સ્થાન ન હોવું જોઈએ. આપણે નોકરીએ રહીએ એના કરતા આપણે નોકરીમાં રાખીએ એવી કંપની ખોલવા માટે પ્રયત્નો કરવા જોઈએ. પરમ પૂજ્ય સ્વામી નિજ સ્વરૂપાનંદ સરસ્વતીજી આશીર્વચન પાઠવતા કહ્યું કે, આ સન્માન તમારા જીવનમાં એક નવી ઊર્જા લાવશે.સમાજ માટે હંમેશાં કાર્ય કરતા કરજો. હાલ સજજનો નિષ્ક્રિય થઈ રહ્યા છે ત્યારે દુર્જનો તેનું કાર્ય વધારે છે. માટે સંગઠિત બની સૌ સાથે મળી કાર્ય કરો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન રાષ્ટ્રીય એવોર્ડી શિક્ષક એલ.વી.જોશીએ કરી, વિદ્યાર્થીઓની સિદ્ધિ બદલ રાજીપો વ્યક્ત કર્યો હતો. મુખ્ય દાતા હરેશભાઈ અને જયશ્રીબેન રાજ્યગુરુ દંપતીએ જ્ઞાતિ ભોજન ખર્ચ તેમજ દરેક વિદ્યાર્થીઓને દિવાલ ઘડિયાળ ભેટ આપેલ હતી. વિપુલભાઈ તેરૈયા તરફથી દરેક વિદ્યાર્થીને શિલ્ડ આપવામાં આવ્યા હતા. મનોજભાઈ જોશી, જીત તેરૈયા, રાઘવજીભાઈ સાંકળિયા, કિરીટભાઈ શીલુ, સહિત બહોળી સંખ્યામાં જ્ઞાતિજનો હાજર રહ્યા. સમગ્ર કાર્યક્રમને youtube ના માધ્યમથી લાઈવ પ્રસારણ અજયભાઈ બી. તેરૈયા તોરીવાળાએ કર્યું હતું.

## સોમનાથ-પ્રભાસ પાટણ પોલીસે ઈ-એફઆઈઆર આધારે બાઈક ચોરીના બે આરોપીઓને પકડયા




(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૦

પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનમાં તા.૬-૧ના રોજ સાંજના ૬ થી ૭ વાગ્યાના કોઈપણ સમયે જેનતીભાઈ રામજીભાઈ નેનાએ તેનું સપ્લેન્ડર પ્લસ મોટર સાયકલ નં.જીજે-૩૨-ડી-૮૫૧૦ કિં.રૂા.૪૦,૦૦૦ ચોરાઈ ગયાની પોલીસ ફરીયાદ નોંધાવેલ હતી.

જે અંગે પ્રોબેશન નાયબ પોલીસ અધિકારી વી.પી.માનસેતા તથા પ્રભાસ પાટણ પોલીસ ઈન્સ્પેકટર એમ.વી.પટેલની સુચના માર્ગદર્શન હેઠળ પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનના પોલીસ હેડ કોન્સ્ટેબલ પ્રકાશ ભીખા, કુલદીપસિંહ જયસિંહ તથા કોન્સ્ટેબલ કરણસિંહ બાબુભાઈ તથા પિયુસ કાના, કરસન જેઠા સર્વે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પોલીસ હેડ કોન્સ્ટેબલ કુલદીપસિંહ જયસિંહ તથા પોલીસ કોન્સ.કરણસિંહ બાબુભાઈ, પિયુષ કાનાભાઈને અંગત મળેલ બાતમીના આધારે ચંદન તુલસી ગોહેલ અને વિવેક કમલેશ મસાણીને ચોરીમાં ગયેલ બાઈક સાથે ઝડપી ગુનો ડીટેકટ કરેલ છે.

## ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અને ગોરક્ષનાથ આશ્રમના પીર યોગી શેરનાથબાપુ મહાકુંભ મેળામાં



જૂનાગઢ તા.૧૦

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથજીની સાથે જૂનાગઢ ભવનાથ તળેટી ખાતે આવેલા ગોરક્ષનાથ આશ્રમના પીરયોગી પુ.શેરનાથબાપુ પ્રસ્તુત તસ્વીરમાં જોવા મળી રહયા છે. મહાકુંભ પ્રયાગરાજના યોજાઈ રહેલા કાર્યક્રમોમાં દેશભરના સંતો ખાસ ઉપસ્થિત રહયા છે. નાથ સંપ્રદાયના ૧૨ રમતોના મહંત યોગી શ્રી કૃષ્ણનાથજી તેમજ ૧૮ રમતોના મહંત શ્રી મસુદરનાથજી પણ આ તકે ઉપસ્થિત રહયા હતા અને ગુરૂ ગોરક્ષનાથ અખાડાની વ્યવસ્થા બાબતે મહંત પીર યોગી શેરનાથબાપુ તેમજ મુખ્યમંત્રી આદિત્યનાથજી સાથે મહત્વની ચર્ચા સાથે કાર્યક્રમની રૂપરેખા અંગે ચર્ચા કરવામાં આવી હતી અને વ્યવસ્થાના રૂટ નીહાળવામાં આવી રહયા છે.




અલ્હાબાદ મહાકુંભ મેળાના સંદર્ભે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથજીની સાથે એક મહત્વની બેઠક અગ્નિ અખાડાના સભાપતિ શ્રી મુકતાનંદજી દ્વારા કરવામાં આવી હતી. અને કુંભ મેળામાં ઉપસ્થિત રહેલા સર્વે સંતો તેમજ ભાવિકો માટેની વ્યવસ્થા સુદ્રઢ બનાવવા તેમજ અનેક મુદ્દે ચર્ચાઓ કરવામાં આવી હતી.

# જૂનાગઢ તેમજ પોરબંદર જીલ્લાના અંદાજિત ૯૦ જેટલા સ્પેશિયલ એજ્યુકેટર શિક્ષકોએ ક્ષમતાવર્ધન અર્થે તાલીમ મેળવી




જૂનાગઢ, તા.૧૦

સમગ્ર શિક્ષા ગાંધીનગર દ્વારા સમાવેશી શિક્ષણને મજબૂત કરવા શિક્ષણનીતિ (NEP) ૨૦૨૦ અન્વયે તૈયાર કરવામાં આવેલા માર્ગદર્શિકાઓના અમલીકરણ કરવા તેમજ સ્પેશિયલ એજ્યુકેટરની ક્ષમતા વર્ધન અર્થે તાલીમનું આયોજન કરવામાં આવ્યુ હતું. યુનિસેફના સહયોગથી જૂનાગઢ જિલ્લા પ્રોજેક્ટ કોર્ડીનેટર લતાબેન ઉપાધ્યાયના માર્ગદર્શન નીચે રાજ્યકક્ષાએથી તાલીમ મેળવેલા માસ્ટર ટ્રેનર્સ દ્વારા આ તાલીમમાં શાળામાં અભ્યાસ કરતા દિવ્યાંગ બાળકોના સ્પેશિયલ શિક્ષકોની ક્ષમતાઓમાં વધારો થાય અને દિવ્યાંગ બાળકોના શિક્ષણમાં આવેલા નવા આયામોથી પરિચિત થાય દિવ્યાંગ બાળકોના શિક્ષણમાં તેઓ ક્ષમતાલક્ષી કાર્ય કરી શકે અને બાળકોને શિક્ષણમાં વિશેષ લાભ મળી રહે તે અંગે માહીતગાર કરવામાં આવ્યા હતા. જૂનાગઢ તેમજ પોરબંદર જિલ્લાના અંદાજિત ૯૦ જેટલા સ્પેશિયલ એજ્યુકટરોએ તાલીમનો લાભ લીધો. આ સમગ્ર તાલીમનું સંચાલન જિલ્લા આઈ.ઈ.ડી. કોર્ડીનેટર ગોપાલભાઈ પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું.

# જૂનાગઢ પી.જી.વી.સી.એલ. દ્વારા લોકોને ઉત્તરાયણ પર્વ વીજ સલામતી પૂર્વક ઉજવવા અપીલ

જૂનાગઢ તા. ૧૦

જૂનાગઢ પીજીવીસીએલ દ્વારા લોકોને ઉત્તરાયણ પર્વ ઉત્સાહ અને વીજ સલામતી પૂર્વક ઉજવવા તથા વીજ અકસ્માત નિવારવા માટે પતંગ ચગાવતી વખતે જરૂરી સાવચેતી રાખવા માટે અપીલ કરી છે. જૂનાગઢ પી.જી.વી.સી.એલ. દ્વારા સૂચનાઓ બહાર પાડી છે તે મુજબ પતંગ કે દોરી વીજળીના થાંભલા કે તારામાં ફસાઈ જાય તેને લેવા માટે થાંભલા પર ચડશો નહીં, વીજળીના તાર કે કેબલને પણ અડકશો નહીં,

વીજળીના વાયર કે તાર ઉપર પડેલા પતંગ લેવા લંગર નાખશો નહીં. તેમ કરવાથી વીજળીના તાર ભેગા થતાં મોટા ભડાકા થવાની તાર તૂટી જવાની અકસ્માત થવાની તેમજ વીજ વપરાશના સાધનો ઉપકરણો વળી જવાની પણ સંભાવના રહે છે.

થાંભલા કે વીજળીના તારમાં અથવાતો વીજળીના તાર નજીકના ઝાડમાં અટવાયેલા પતંગ લેવા માટે તાર કે લોખંડના સળીયાનો ઉપયોગ જીવલેણ નીવડી શકે છે. ધાતુના તાર કે મેગ્નેટિક ટેપ બાંધીને પતંગ ઉડાડશો નહી, તેમ કરવાથી વીજળીના તારને અડકતા વીજળીનો આંચકો લાગવાની અને અકસ્માતની સંભાવના છે. આમ નજીવી કિંમતના પતંગ માટે આપની અણમોલ કિંમતી જીદગી જોખમમાં ના મુકાય તેનો ખ્યાલ રાખો.

ચાઈનીઝ દોરીનો ઉપયોગ કરવો નહી, તેનાથી વીજળીના વાયર કપાઈ શકે છે, જેથી અંધારપટ તેમજ વીજ અકસ્માત થઈ શકે છે. વિજવાયરો પસાર થતા હોય તેની સાવ નજીક થી પતંગ ઉડાડશો નહી. વીજ માળખાને લગતી કોઈ પણ ફરીયાદ નોંધવા માટે નીચેના ટોલ ફ્રી નંબર ૧૯૧૨૨ અથવા ૧૮૦૦ ૨૩૩ ૧૫૫૩૩૩ નો ઉપયોગ કરવો. આમ કોઈ અકસ્માત ન સર્જાય તેની સાવચેતી રાખશો તથા આપના બાળકોની સાથે રહી, સંપૂર્ણ સલામતી સાથે ઉત્તરાયણનો ઉત્સવ ઉમંગથી ઉજવવા જૂનાગઢ પી.જી.વી.સી.એલ. દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

# વાણિજ્યક કારકિર્દીઘડત્તરમાં ઉઘડતી ક્ષિતીજો વિષયે વ્યાખ્યાન યોજાયુ




જૂનાગઢ, તા.૧૦

સોરાષ્ટ્ર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલીતઅને ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી સંલગ્ન મહિલાઆર્ટસ, કોમર્સ, બી.બી.એ. અને સાયન્સ કોલેજ ખાતે "Unlocking Opportunities:The Future of Commerce Career" વિષય ઉપર એક દિવસીય વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. કોલેજના પ્રિન્સિપાલ ડો.હાર્દિક ભટ્ટના સહકારથી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી કોમર્સ ભવનના સહાયક પ્રાધ્યાપક ડો.દિનેશ ચાવડા દ્વારા "Unlocking Opportunities: The Future of Commerce Career" વિષય ઉપર એક દિવસીય નિષ્ણાંત વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ડો.દિનેશ ચાવડાએ કોમર્સ ક્ષેત્રમાં ઉપલબ્ધ તકો, વૈશ્વિક અર્થતંત્રના બદલાતા પરિપ્રેક્ષ્ય અને ટેકનોલોજીની અસર અંગે વિસ્તારપૂર્વક ચર્ચા સાથે વિદ્યાર્થીનીઓને માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતુ. ડો. ચાવડાએ યુવા પેઢીને ભવિષ્યની મહત્વની તકો માટે તૈયાર રહેવા અને નુતન વિચારસરણી અને નવાચારથી પોતાની કારકિર્દીનું નિર્માણ કરવા માટે પ્રેરિત કર્યા હતા. વ્યાખ્યાન દરમ્યાન ડો. ચાવડાએ વિદ્યાર્થીઓને એવા કાર્યક્ષેત્રોની ઓળખ કરાવવા પ્રોત્સાહિત કરી જણાવ્યું કે જ્યાં તેમના નૈતિક મૂલ્યો અને ટેકનિકલ કુશળતા સાથે વિશેષ યોગદાન આપી શકાય તેવી કારકિર્દી માટે યોગ્ય પ્લાનિંગ અને સતત સશકત બનવાની વૃત્તિને પણ ખાસ જોર આપવુ જોઈએ. જ્ઞાનપ્રદ અને પ્રેરણાત્મક વ્યાખ્યાન ભવિષ્યમાં કારકિર્દી ઘડત્તર માટે વિદ્યાર્થીનીઓને માર્ગદર્શક નીવડશે અને કારકિર્દી ઘડવા ઈચ્છુક વિધાર્થીઓના આત્મવિશ્વાસ વધારશે, વ્યાખ્યાન યુવાઓને માટે ખૂબ જ ઉપયોગી અને પ્રેરણાત્મક બની રહ્યુ હતુ. કોલેજના પ્રિન્સિપાલ ડો.હાર્દિક ભટ્ટએ પણ પ્રવચનને મહત્વ આપતા જણાવ્યું કે વિદ્યાર્થીનીઓની પોતાની કારકિર્દી નવી ઉંચાઈઓ સર કરવા માટે આવા વક્તવ્ય ખુબ જ મહત્વ ના રહે છે, કાર્યક્રમનું સંચાલન સોરાષ્ટ એજ્યુકેશન ટ્રસ્ટ મહિલા કોલેજના કોમર્સ વિભાગના સહાયક પ્રાધ્યાપક ડો. સુવા હર્ષિતાબેને અને કોમર્સ વિભાગના અધ્યક્ષ નરેશભાઈ હડિયાએ સંભાળ્યુ હતુ. વ્યાખ્યાનમાળાને સફળ બનાવવા સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

# એશિયાઈ સિંહ સંરક્ષણમાં વનવિભાગની સાથે સૌરાષ્ટ્રના લોકોનો પણ ખૂબ મોટો ફાળો

## વન્ય પ્રાણીઓના સંરક્ષણ અને સંવર્ધન માટે વન વિભાગને લોકો સહાયક બની આપી રહ્યા છે સહકાર

જૂનાગઢ, તા.૧૦

વિશ્વમાં એશિયાઈ સિંહનું એકમાત્ર નિવાસ સ્થળ "ગીર" છે. ગુજરાતનું ગૌરવ એશિયાઈ સિંહ સૌરાષ્ટ્રના ૨૦,૦૦૦ ચોરસ કિલોમીટર વિસ્તારમાં મુક્તપણે પરિભ્રમણ કરે છે. જેના સંરક્ષણમાં વન વિભાગની સાથે સાથે સૌરાષ્ટ્રના લોકોનો પણ ખૂબ જ મોટો ફાળો રહેલો છે. સ્થાનિક લોકોના સહકારને કારણે આજે ગીર સંરક્ષિત વિસ્તાર, સિંહોની વસ્તીના સંરક્ષણ અને માનવીય પ્રભુત્વ ધરાવતી જગ્યા ઉપર પણ સિંહની વસ્તીમાં વધારો દર્શાવતી એક અદભુત વાત બની છે. આ અવિરત પ્રયાસનો લાભ લઈને સિંહો હવે જોખમની બહાર આવી ગયા છે, અને અગાઉ જ્યાંથી તેઓ નામશેષ થઈ ગયા હતા તેવા વિસ્તારોમાં પણ પોતાની વસાહતો પુનઃસ્થાપિત કરી છે. સિંહની અત્યાર સુધીની જીવન સફર ખરેખર ખૂબ જ કપરી રહી છે, પરંતુ જંગલના રાજા એશિયાઈ સિંહોએ કપરા સમયમાંથી ઉભરીને સિંહ પ્રજાતિ ખરેખર જંગલનો રાજા હોવાનું સાબિત કરી દીધું છે. અને તેથી જ ગીર જંગલ માત્ર પારસ્પરિક મહત્વતા નથી ધરાવતો પરંતુ તે આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, રાજકીય અને નૈતિક મૂલ્યોની દ્રષ્ટિએ પણ ગુજરાતના લોકોના હૃદય સ્થાનમાં બિરાજે છે. જેનું જતન કરવું તે વન વિભાગના સ્ટાફની સાથે ગુજરાતની ગૌરવંતી પ્રજાની પણ ફરજ છે. જેથી વન્ય પ્રાણીઓના સંરક્ષણ અને સંવર્ધન માટે લોકોના વન વિભાગને સહકાર તથા સહાયક બનવા માટે જાણ કરવામાં આવે છે. વન્યપ્રાણી અવરજવર વાળા વિસ્તારોમાં ખેડૂતોને પાક રક્ષણ માટે ઈલેક્ટ્રીક શોક ન મૂકવા માટે નમ્ર અપીલ કરવામાં આવે છે. ઈલેક્ટ્રીક શોકના કારણે વન્ય પ્રાણીઓની સાથે સાથે ઘણી વખત તેમના કીંમતી પશુઓ તેમજ લોકોનો પણ ભોગ બનવો સામે આવેલ છે, માટે ખેતર ફરતે ઈલેક્ટ્રીક શોક ન મૂકવો જોઈએ. ઉપરાંત વન્યપ્રાણી પરિભ્રમણ વિસ્તારમાં વન્ય પ્રાણીઓ માટે જોખમરૂપ ખુલ્લા કુવાઓ સુરક્ષિત કરવા જોઈએ. આ ખુલ્લા કુવાઓ સુરક્ષિત કરવા માટે ગુજરાત સરકારની હાલમાં ચાલતી ખુલ્લા કુવા પારાપેટ હોલ બાંધી સુરક્ષિત કરવા અંગેની યોજના જેમાં ૯૦% સબસીડી સરકાર તરફથી આપવામાં આવે છે. જેનો લાભ લેવા અપીલ કરવામાં આવે છે. રેવન્યુ વિસ્તારમાં પરપ્રાંતીય લોકો રહેતા હોય છે, જે મૂળ શિકારી પ્રવૃત્તિથી ટેવાયેલા હોય છે. આવા કોઈ શંકાસ્પદ કે શિકારી પ્રવૃત્તિઓ ધ્યાને આવે તો નજીકના વન વિભાગની કચેરી અથવા તો ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૩૩ ૦૭૮૯ અથવા ૧૯૨૬ ઉપર સંપર્ક કરવા નાયબ વન સંરક્ષક ગીર પશ્ચિમ વિભાગ દ્વારા અખબારી યાદીમાં જણાવેલ છે.

# સુત્રાપાડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં જીઓ કંપનીના નેટવર્કમાં ધાંધિયા

(જાદવ ભોળા દ્વારા)

લોઢવા, તા.૧૦

સુત્રાપાડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા એક મહિનાથી જીઓ કંપનીના નેટવર્કના ખામીઓના કારણે અવારનવાર ગ્રાહકો પરેશાન થઈ રહ્યા છે જે કંપનીને વારંવાર ફરિયાદ કરવા છતાં પણ કંપની દ્વારા કોઈ યોગ્ય જવાબ ન આપતા હોવાની રજૂઆત થઈ છે. ફરિયાદ કરનારને જવાબ આપવામાં આવે છે કે ૧૦-૨૦ દિવસમાં ઠીક થઈ જશે. પીક અવરમાં વધારે યુઝરનાં કારણે એવું થઈ રહયુ હશે તેવાં ગોળ ગોળ જવાબ મળે છે. યુજર વધ્યા હોય તો ફ્રીકવન્સી વધારવી જોઈએ. સુત્રાપાડાના લોઢવા, પ્રશ્નાવડા, વડોદરા ઝાલા સહિતના ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લ એક મહિનાથી જીઓ યુઝર પરેશાન થઈ રહયા છે. તુરંત સેવા પ્રબળ કરવામાં આવે તેવી લોકમાંગણી.

# ઉના એસટી ડેપો ખાતે નેશનલ રોડ સેફટી માસની ઉજવણી

(પ્રતિનિધિ દ્વારા)



ઉના, તા.૧૦

અમરેલી એસ.ટી. ડિવિઝન હેઠળ આવેલ ઉના એસ.ટી. ડેપો દ્વારા નેશનલ રોડ સેફટી ૨૦૨૫ અંતર્ગત માર્ગ સલામતીની ઉજવણી કરવામાં આવી હતી જે અંતર્ગત ઉના એસ.ટી. ડેપોમાં ફરજ બજાવતા ડ્રાઈવરો, કંડકટરો, વર્કશોપમાં ફરજ બજાવતા કર્મચારીઓને તાલીમ શિબિર યોજાઈ હતી જેમાં ઉનાના પી.એસ.આઈ. જે.જે. પરમાર, ડેપોના કેર ટેકર અંસારી, ડેપો મેનેજર એલ.ડી. રાઠોડ દ્વારા દરેક કર્મચારીઓને માર્ગ સલામતી માટે ધ્યાન રાખવા સૂચનો, સલામત રીતે વાહન ચલાવી અકસ્માતના થાય તે માટે બસ ચલાવવી, બસ ઉપાડતા પહેલા વર્કશોપના કર્મચારીઓએ બસનું ફિટનેસ ચેક કરી રૂટ ઉપર મૂકવી, વિવિધ નિયમોની જાણકારી આપી હતી અંતમાં તમામ કર્મચારીઓએ માર્ગ સલામતીના તમામ નીયમોનું પાલન કરવા પ્રતિજ્ઞા લીધી હતી.

# વેરાવળ ખાતે રાજ્યકક્ષાના 'સાયન્સ કાર્નિવલ'માં આંતરક્ષિતિજો વિકસાવતાં સરકારી વિજ્ઞાન કોલેજના વિદ્યાર્થીઓ

## એ.આઈ.ટેક્નોલોજી, હરિત પર્યાવરણ સાથે ઉર્જા સહિતના પ્રોજેક્ટ્સથી અત્યાધુનિક ભારતનું પ્રતિબિંબ રજૂ કર્યું



વેરાવળ, તા.૧૦ : વેરાવળની સરકારી વિજ્ઞાન કોલેજમાં આચાર્ય શ્રી સ્મિતાબહેન છગના માર્ગદર્શનમાં વિદ્યાર્થીઓની આંતરક્ષિતિજોને વિકસાવતો દ્વિદિવસિય 'સાયન્સ કાર્નિવલ'નો પ્રારંભ થયો છે. આ કાર્નિવલમાં પ્રોફેસર્સની નિશ્રામાં દેશના ભાવિ નાગરિક એવા વિદ્યાર્થીઓએ ભવિષ્યના ઉર્જાસ્રોત અને ટેક્નોલોજીને અનુલક્ષીને વિવિધ પ્રોજેક્ટ્સ રજૂ કર્યા હતાં. વિદ્યાર્થીઓની ટેલેન્ટમાં નિખાર આવે અને વિજ્ઞાન વિષય પ્રત્યે રસ-રૂચી વધે એવા હેતુથી યોજાયેલા રાજ્યકક્ષાના આ સાયન્સ કાર્નિવલમાં વિજ્ઞાન અને ટેક્નોલોજીનો સમન્વય કરી વિદ્યાર્થીઓએ એ.આઈ.ટેક્નોલોજી, હરિત પર્યાવરણ સાથે ઉર્જા સહિત ટેસ્લા સ્માર્ટ સીટી, ગ્રીન એન્વાયર્નમેન્ટ, પ્રાણી વિજ્ઞાન, જીવ વિજ્ઞાન, ઓઝોન અમ્બ્રેલા જેવા વિષયોના વૈવિધ્યસભર પ્રોજેક્ટ્સથી પર્યાવરણના સુરક્ષા કવચ સાથેના અત્યાધુનિક ભારતનું પ્રતિબિંબ રજૂ કર્યું હતું. આ કાર્નિવલમાં વિદ્યાર્થીઓએ વિજ્ઞાનના વિષયો પર પોસ્ટર મેકિંગ, મોડલ મેકિંગ, વૈજ્ઞાનિક વિષયોને સ્પર્શતી રંગોળી, મૌખિક પ્રેઝન્ટેશન, કૉલાઝ મેકિંગ, વિજ્ઞાનને લગતી પ્રશ્નોત્તરી, વિજ્ઞાનને અનુલક્ષીને કવિતાઓ સહિત ગેમ ઝોન, ફૂડ ઝોન અને આર્ટ એન્ડ ક્રાફ્ટ અંતર્ગત ફોટોફ્રેમ, કપ, તોરણ જેવી વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુઓ અને કલે મોડલિંગ પણ રજૂ કર્યા હતાં.દ્વિ દિવસીય સાયન્સ કાર્નિવલના બીજા દિવસે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. જેમાં સ્ત્રી સશક્તિકરણ, વિવિધતામાં એકતા, બેટી બચાવો બેટી પઢાવો, પર્યાવરણનું રક્ષણ જેવી થીમ પર કૃતિઓ રજૂ થશે. વિદ્યાર્થીઓ દ્વારા કચ્છી ગરબો, દુહા છંદ ચોપાઈ, લગ્ન ગીત, રાજસ્થાની નૃત્ય રજૂ થશે. વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા થયેલા વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામ અને ટ્રોફીથી સન્માનિત કરાશે.આ કાર્નિવલને સફળ બનાવવામાં આચાર્ય સ્મિતાબહેન છગ, સર્વેપ્રોફેસર્સ ડો.ચિરાગબેન ગોસાઈ, મિલનકુમાર પરમાર, પ્રદિપસિંહ જાડેજા, જયદીપભાઈ ઝાલા, ડો. ધનંજયભાઈ પંડ્યા, સચિનભાઈ સીતાપરા, કુ.કાજલબેન બારડ સહિતના સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

# વિજ્ઞાન અને કલાનો આધુનિક સમન્વય બનતો વેરાવળની સરકારી વિજ્ઞાન કોલેજમાં યોજાયેલો રાજ્યકક્ષાનો સાયન્સ કાર્નિવલ

## શિક્ષણ ઉપરાંત કલા-વ્યાપારના માધ્યમથી વિદ્યાર્થીઓમાં વ્યક્તિત્વ નિખાર લાવવો એ જ અમારો ધ્યેય : આચાર્ય સ્મિતાબહેન છગ



વેરાવળ, તા.૧૦

વેરાવળ ખાતે યોજાયેલા રાજયકક્ષાના દ્વિ દિવસિય સાયન્સ કાર્નિવલમાં વિદ્યાર્થીઓ પોતાની કલાપ્રતિભા દર્શાવી રહ્યાં છે. વિદ્યાર્થીઓએ વૈજ્ઞાનિક સિદ્ધાંતો અને પદ્ધતિને અનુસરીને વિવિધ વૈજ્ઞાનિક નિયમોનુસાર પ્રોજેક્ટ્સ રજૂ કર્યા છે. રાજયકક્ષાના આ સાયન્સ કાર્નિવલમાં જૂનાગઢ, અમદાવાદની કોલેજના વિદ્યાર્થીઓએ પણ ભાગ લીધો છે.

શિક્ષણ ઉપરાંત કલા તેમજ વ્યાપારના માધ્યમથી વિદ્યાર્થીઓનો વ્યક્તિત્વ નિખાર લાવતા આ સાયન્સ કાર્નિવલમાં સેન્ટ મેરી સ્કૂલની વિદ્યાર્થીની હેત્વી વડૂકર અને અમદાવાદની રહેવાસી વિશ્વા વડૂકરે ટેસ્લા સ્માર્ટ સિટીનો પ્રોજેક્ટ રજૂ કર્યો હતો. વિશ્વા વડૂકરે પોતાનો પ્રતિભાવ જણાવતા કહ્યું હતું કે, અમે 'ટેસ્લા સ્માર્ટ સિટી' પ્રોજેક્ટના માધ્યમથી વાયરલેસ એનર્જી ટ્રાન્સમિશનનું મોડલ રજૂ કર્યું છે. સરકારી વિજ્ઞાન કોલેજના પ્રોફેસર્સ તેમજ આચાર્યશ્રી પણ ખૂબ જ મદદરૂપ બન્યાં છે. સરકારી વિજ્ઞાન કોલેજની વ્યવસ્થાઓ પણ ખૂબ જ સરસ છે. આમ કહી તેમણે ઉત્તમ વ્યવસ્થાઓ બદલ સમગ્ર વિજ્ઞાન કોલેજના સમગ્ર સ્ટાફનો આભાર માન્યો હતો. વિદ્યાર્થીની મનિષા સિસોદિયાએ કોલેજની ઈત્તર પ્રવૃત્તિઓ વિશે માહિતગાર કરતા જણાવ્યું હતું કે, રાજ્ય સ્તરિય સ્પર્ધાઓ માટે કોલેજમાં વિદ્યાર્થીઓને એ રીતે તૈયાર કરવામાં આવે છે કે, કોઈપણ પ્રકારનો ડર રહેતો નથી અને ઉત્સાહ જળવાઈ રહે છે. જેથી સારૂ પ્રદર્શન કરી શકાય છે. આ માટે હું તમામ પ્રોફેસર્સ અને આચાર્યશ્રીનો આભાર માનું છું.

આચાર્ય સ્મિતાબહેન છગે જણાવ્યું હતું કે, શિક્ષણની સાથે જ વ્યક્તિત્વ નિખાર પણ મહત્વનું છે. વિજ્ઞાનના અવનવા પ્રોજેક્ટસની સાથે જ કલાનો સમન્વય કરીને આ કાર્નિવલ યોજવામાં આવ્યો છે. આ કાર્નિવલમાં પોસ્ટર મેકિંગ, મોડલ મેકિંગ, વૈજ્ઞાનિક વિષયોને સ્પર્શતી રંગોળી, મૌખિક પ્રેઝન્ટેશન, કૉલાઝ મેકિંગ, વિજ્ઞાનને લગતી પ્રશ્નોત્તરી, વિજ્ઞાનને અનુલક્ષીને કવિતાઓના માધ્યમથી વિદ્યાર્થીઓએ પોતાનું વૈજ્ઞાનિક કૌશલ્ય પ્રદર્શિત કર્યું હતું. વધુમાં કાર્નિવલના ફૂડ જંકશનના માધ્યમથી વિદ્યાર્થીઓએ જાતે જ પાણીપૂરી, સેન્ડવિચ, ભજિયા, લસ્સી, સમોસા, ઘૂઘરા વગેરે બનાવી અને આ ઉત્પાદનોના વેચાણ થકી આર્થિક ઉપાર્જન કરી બિઝનેસ મોડલને સમજવાનો પ્રયાસ કર્યો હતો.

# વેરાવળ સરકારી બોયઝ હાઈસ્કૂલ ખાતે ડિઝાસ્ટર સેફટી રિસ્પોન્સ તાલીમ યોજાઈ



વેરાવળ, તા.૧૦

જિલ્લા વહિવટી તંત્ર અને શ્રી બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ, મહેસાણા દ્વારા સરકારી બોય્ઝ હાઈસ્કૂલ, વેરાવળ ખાતે એક દિવસીય ડિઝાસ્ટર તાલીમ અન્વયે ઈમરજન્સી અને સેફટી રિસ્પોન્સ તાલીમ યોજાઈ હતી. જેમાં ધોરણ-૦૯ થી ૧૨નાં ૩૦૦ વિદ્યાર્થીઓ અને ૨૦ શિક્ષકોને આપત્તીના સમયમાં બચાવ કેવી રીતે કરવો તે અંગેની તાલીમ આપવામાં આવી હતી. વારંવાર પૂર, વાવાઝોડું, ભૂકંપ, તેમજ ઔદ્યોગિક આફતોની માનવસર્જિત તેમજ કુદરતી આપત્તીની પરિસ્થિતિમાં આપદા પહેલા અને આપદા દરમિયાન તેમજ આપત્તી પછી શું-શું કરવું જોઈએ જેની વિગતવાર સમજ અને તાલિમ આપવામાં આવી હતી. આ તાલીમમાં આપત્તીના સમયે વ્યકિતગત બચાવ, સામૂહિક બચાવ, પારિવારીક બચાવ કઈ રીતે કરવો વગેરે જેવી બાબતો શીખવાડવામાં આવી હતી. આ તાલીમમાં તમામ બાળકોને બપોરનું સ્વાદિષ્ટ ભોજન અને કાર્યક્રમના અંતે તમામ બાળકો/સ્ટાફને પેન, પેડ અને સ્કૂલ બેગ આપવામાં આવી હતી. આ તાલીમમાં વેરાવળ ફાયર વિભાગની ટીમ દ્વારા ફાયરનું મોક સેશન યોજાયું હતું. જેમાં વિદ્યાર્થીઓને આગના પ્રકારો, આગ કેવી રીતે લાગે, આગનું શમન કેવી રીતે કરવું તે અંગેની પ્રેકટીકલ સમજ આપવામાં આવી હતી. આ તાલીમમાં સરકારી બોય્ઝ હાઈસ્કુલના આચાર્ય વી.બી.ખાંભલા, જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના પ્રતિનિધિ વાય.બી.ચાવડા, સંકલનકર્તા અલ્પેશભાઈ કનોડીયા, માસ્ટર ટ્રેઈનર દિનેશ વિરડીયા, નિકુંજભાઈ, વિરલભાઈ તેમજ વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ રહી હતી.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# કૌશલ આધારિત શિક્ષણ

દેશભરની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં કૌશલ આધારિત અભ્યાસક્રમ શરૂ કરવાની તૈયારી સમયની માંગ છે. ખરું તો એ છે કે આવા અભ્યાસક્રમ અત્યાર સુધી શરૂ કરી દેવા જોઈતા હતા, કારણ કે એક મોટી સંખ્યામાં ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ એવી ડિગ્રીઓ આપી રહી છે, જે આજના સમયમાં કશા કામની સાબિત નથી થઈ રહી. આ જ કારણે દેશમાં ડિગ્રી ધારક યુવાઓની ફોજ તો તૈયાર થઈ રહી છે, પરંતુ તે એવા કોઈ કૌશલ નથી ધરાવતી, જેની ઉદ્યોગ-ધંધામાં માંગ છે. આ જ કારણે કારોબાર જગતના પ્રતિનિધિ એ ફરિયાદ કરતા રહે છે કે તેમને તેમની જરૂરિયાતના હિસાબે હુનરમંદ યુવાઓ નથી મળી શકતા. હવે જ્યારે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનની પહેલ પર નવા સત્રથી કૌશલ આધારિત અભ્યાસક્રમ શરૂ થવા જઈ રહ્યા છે, તો પછી એ પણ જોવું જોઈએ કે તે કારોબાર જગતની જરૂરિયાતને પૂરી કરવામાં સમર્થ બનશે કે નહીં? યોગ્ય એ રહેશે કે કૌશલ આધારિત અભ્યાસક્રમ ઉદ્યોગ વેપાર જગતના પ્રતિનિધિઓ સાથે વ્યાપક વિચાર-વિમર્શથી જ તૈયાર કરવામાં આવે. એવા અભ્યાસક્રમોની નિરંતર સમીક્ષા પણ થતી રહેવી જોઈ અને તેમાં સમયના હિસાબે બદલાવની વ્યવસ્થા પણ કરવી જોઈએ, કારણ કે આજના ટેકનિકલ યુગમાં ચીજો ઝડપથી બદલાઈ રહી છે. એ સમજવું જોઈએ કે સમય સાથે નવા પ્રકારના કૌશલની આવશ્યકતા વધતી જાય છે. આજે યુવાઓને એવા કૌશલથી સજ્જ કરવાની જરૂર છે, જેનાથી તે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ડેટા એનાલિટિક્સ, ડિજિટલ બેંકિંગ, ઈ-કોમર્સ વગેરે ક્ષેત્રોમાં આસાનીથી કામ મેળવી શકે.

કૌશલ વિકાસના અભ્યાસક્રમ એક તરફ જ્યાં સ્થાનિક જરૂરિયાત અને માંગને ધ્યાનમાં રાખીને તૈયાર કરવા જોઈએ, જ્યારે બીજી તરફ એ દૃષ્ટિએ પણ, કે આપણા યુવા બીજા દેશોમાં પણ આસાનીથી રોજગાર મેળવી શકે. તેનાથી જ ઉચ્ચ શિક્ષણ સંસ્થા અને વિશેષ રૂપે ડિગ્રી કોલેજ કૌશલ વિકાસના કેન્દ્ર બની શકશે. કૌશલ વિકાસ આધારિત અભ્યાસક્રમ માત્ર ઉચ્ચ સિક્ષણ સંસ્થાઓમાં જ ન ભણાવવા જોઈએ, પરંતુ તેનો સમાવેશ સ્કૂલી શિક્ષણમાં પણ કરવો જોઈએ, કારણકે એક મોટી સંખ્યામાં યુવાઓ ઈન્ટરમીડિયેટ બાદ જ રોજગારની શોધ શરૂ કરી દે છે. તેમાંથી અનેક માત્ર એટલા માટે ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં પ્રવેશ લઈ લે છે, જેથી કોઈને કોઈ ડિગ્રી હાંસલ કરી શકે. એ કોઈથી છૂપું નથી કે મોટાભાગે તેમની ડિગ્રી તેમને રોજગાર અપાવવામાં સહાયક નથી બનતી અને આ રીતે તેમની ગણતરી ભણેલા-ગણેલા પરંતુ બેકાર યુવાઓમાં થવા લાગે છે. એ સમજવું જોઈએ કે એવા યુવાઓની વધતી સંખ્યા માટે એવા અભ્યાસક્રમ જવાબદાર છે, જેમાં કૌશલ વિકાસને પ્રાથમિકતા નથી આપવામાં આવતી. એની પણ અવગણના ન કરવી જોઈએ કે વિશેષ કૌશલવાળા કેટલાય કામ એવા છે, જેનું કોઈ વિધિવત શિક્ષણ નથી હોતું. આ સમસ્યાનું પણ નિદાન થવું જોઈએ.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ ગુજરાત પ્રદેશના ૫૬માં અધિવેશનમાં પ્રોત્સાહક ઉપસ્થિતિ

## વિકસિત ભારતના સંકલ્પને સિદ્ધ કરવામાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદની ભૂમિકા ખૂબ મહત્વની રહેશે : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ






(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ ગુજરાત પ્રદેશના ૫૬માં અધિવેશન સમારોહમાં સંબોધન કરતા જણાવ્યું હતું કે, આ અધિવેશનનો મુખ્ય ઉદ્દેશ રાજ્યની છાત્ર શક્તિ નવનિર્માણથી રાષ્ટ્રના પુનઃ નિર્માણમાં સૌથી આગળ રહે એ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિકસિત ભારતના નિર્માણમાં દેશની યુવા શક્તિ ઉપર ભાર મૂક્યો છે, ત્યારે વિકસિત ભારતના સંકલ્પને સિદ્ધ કરવામાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદની ભૂમિકા ખૂબ મહત્વની રહેશે, એવો વિશ્વાસ મુખ્યમંત્રીએ વ્યક્ત કર્યો હતો. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ વિશે વાત કરતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ એ સ્થાપનાથી લઈને જ્ઞાન, ચરિત્ર અને એકતાના સૂત્ર સાથે યુવાનોમાં રાષ્ટ્રનિર્માણના સંસ્કારોનું સતત સિંચન કર્યું છે. એટલું જ નહીં, છાત્રશક્તિ રાષ્ટ્રશક્તિ બને એવા ઉદ્દેશ્ય સાથે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ અનેક પ્રકલ્પોનું સંચાલન પણ કરતુ આવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી હંમેશાંથી કહેતા આવ્યાં છે કે, દેશનો વિકાસ અને દેશનું ભવિષ્ય યુવાનોના હાથમાં છે, ત્યારે દેશના યુવાનો નેશન ફર્સ્ટનો મંત્ર અપનાવશે તો ભારતનો વિકાસ સતત થતો રહેશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વધુમાં કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા છેલ્લા દસ વર્ષમાં દેશના યુવાનો માટે સુદ્રઢ ઈકો સિસ્ટમનું નિર્માણ કર્યું છે. એટલું જ નહી, દેશના યુવાનો માટે સ્કીલ ડેવલપમેન્ટ, સ્ટાર્ટ અપ, એજ્યુકેશન, સ્પોર્ટસ અને ઈનોવેશનને પ્રોત્સાહન માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. ગુજરાતમાં થયેલા યુવા વિકાસની વાત કરતા મુખ્યમંત્રીએ કહ્યું કે, નરેન્દ્ર મોદીએ એ ગુજરાતમાં ઈનોવેશનને પ્રોત્સાહન આપવાની પહેલ કરી હતી, જેના કારણે રાજ્યમાં સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ ઊભી થઈ છે. એટલું જ નહી સ્ટાર્ટઅપ રેન્કિંગમાં ગુજરાત સતત ચાર વર્ષથી સમગ્ર દેશમાં અગ્રણી છે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રી એ વન નેશન વન સબસ્ક્રીપ્શનની વાત કરતા કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના વિદ્યાર્થીઓ, શૈક્ષણિક સંસ્થાનો અને ઈનોવેશનને પ્રોત્સાહન મળે તે માટે 'વન નેશન વન સબસ્ક્રીપ્શન'ની એક આગવી પહેલ કરી છે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી સ્વામી વિવેકાનંદજીના વિચારો દ્રઢતાપૂર્વક માને છે અને તેમણે સંકલ્પ કર્યો છે કે, કોઈ પણ રાજકીય બેકગ્રાઉન્ડ ન હોય તેવા ૧ લાખ જેટલા યુવાનોને રાષ્ટ્રનિર્માણ માટે રાજનીતિમાં જોડવા છે. આ સંદર્ભમાં તેમણે વધુમાં કહ્યું કે, ૧૨ જાન્યુઆરીએ રાષ્ટ્રીય યુવા દિવસના અવસરે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશના યુવાનો સાથે વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગ કરવાના છે, ત્યારે મોટી સંખ્યામાં યુવાનો યંગ લીડર્સ ડાયલોગમાં સહભાગી બનશે તો આ કાર્યક્રમને ખૂબ મોટો વેગ મળશે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

# મીઠાપુર નજીક કાર અકસ્માત સંદર્ભે ટ્રકના ચાલક સામે ગુનો

## કેરળના દંપતી સહિત ત્રણના મોત નીપજ્યા હતા






(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૦

ઓખા મંડળના મીઠાપુર વિસ્તારમાં બે દિવસ પૂર્વે સર્જાયેલા કાર તેમજ ટ્રક અકસ્માતમાં મૃત્યું પામેલા કેરળના યાત્રાળુ દંપતિ તેમજ કાર ચાલકના મૃત્યું સંદર્ભે મૃતક યુવાનના ભાઈ દ્વારા ટ્રકના ચાલક સામે ધોરણસર ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ સમગ્ર પ્રકરણની પોલીસ દફતરે જાહેર કરવામાં આવેલી વિગત મુજબ દ્વારકામાં બિરલા પ્લોટ વિસ્તારમાં રહેતા કૌશિકભાઈ રમેશભાઈ તાવડીવાલાના ભાઈ હેમેન્દ્રભાઈ તાવડીવાલા મંગળવારે સાંજના સમયે તેમની જી.જે. ૩૭ બી. ૭૫૭૪ નંબરની સ્વીફ્ટ ડિઝાયર મોટરકારમાં કેરલથી આવેલા દંપતિ ઓ.બી. વાસુદેવન તેમજ તેમના પત્ની યામિનીબેનને સાથે લઈને દર્શનાર્થે નીકળ્યા હતા. ત્યારે મીઠાપુરથી આશરે પાંચ કિલોમીટર દૂર ભીમરાણા ગામ નજીક પહોંચતા હાઈવે માર્ગ પર પૂરઝડપે અને ગફલતભરી રીતે રોંગ સાઈડમાં આવી રહેલા જી.જે. ૩૭ ટી. ૯૮૯૯ નંબરના એક ટ્રકના ચાલકની બેદરકારીથી મોટરકાર અને આ ટ્રક વચ્ચે ધડાકાભેર અકસ્માત સર્જાયો હતો. જેમાં કારચાલક હેમેન્દ્રભાઈ તેમજ કેરળના દંપતિ ઓ.બી. વાસુદેવન અને તેમના પત્ની યામિનીબેન વાસુદેવનના ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમાં મોત નિપજ્યા હતા. આ સમગ્ર પ્રકરણ સંદર્ભે મૃતક હેમેન્દ્રભાઈના ભાઈ કૌશિકભાઈ રમેશભાઈ ખારવાની ફરિયાદ પરથી મીઠાપુર પોલીસે ટ્રકના ચાલક સામે ભારતીય ન્યાય સંહિતાની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ મીઠાપુરના પી.આઈ. ટી.સી. પટેલ દ્વારા હાથ ધરવામાં આવી છે.

# દ્વારકામાં પૈસાની માંગણી કરી, લૂંટ ચલાવવા સબબ ચાર શખ્સો સામે ફરિયાદ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૦

દ્વારકામાં આવેલી એક હોટલ પાસે ચાલી રહેલા કામ દરમ્યાન આ સ્થળે કામ ચાલુ રાખવા બાબતે પૈસાની માંગણી કરી, બુધવારે નંબર પ્લેટ વગરની કારમાં આવેલા ચાર શખ્સોએ યુવાનને ફડાકા ઝીંકી, રોકડ રકમની લૂંટ ચલાવી, જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે. આ સમગ્ર પ્રકરણની વિગત એવી છે કે દ્વારકા નજીક આવેલી ફર્ન હોટલની બાજુમાં ચાલી રહેલી હોટેલની સાઈટના કામના સ્થળે છેલ્લા આશરે આઠેક માસ દરમિયાન વરપા ધીરા નાંગેશ, રામ ધીરા નાંગેશ, અશોક વરપા નાંગેશ અને વિનોદ વરપા નાંગેશ (રહે. બરડીયા) નામના શખ્સો દ્વારા છેલ્લા આઠેક માસથી અવારનવાર અહીંની સાઈટ ઉપર રહેલા જયકિશન કમલેશભાઈ વિઠલાણી નામના યુવાન પાસે જઈને કામ ચાલુ રાખવા બાબતે રૂપિયાની માંગણી કરવામાં આવતી હતી. જેથી જયકિશનભાઈએ નિર્મલભાઈ સમાણી સાથે વાત કરવાનું જણાવ્યું હતું. તેમ છતાં પણ ગઈકાલે બુધવારે તેઓ સાઈટ ઉપર હતા, ત્યારે સફેદ કલરની નંબર વગરની ક્રેટા કારમાં લાકડાના ધોકા સાથે આવેલા આરોપી શખ્સોએ ફરિયાદી જયકિશનભાઈને પકડી રાખી, અને ફડાકા ઝીંકી લીધા હતા. આટલું જ નહીં, આરોપીઓએ તેમના ખિસ્સામાં રહેલું પાકીટ કાઢી, અને તેમાંથી રૂપિયા ૧૦,૫૦૦ ની લૂંટ ચલાવી હતી. આ પછી જતા જતા આરોપીઓએ હવે પછી જો તેઓ રૂપિયા નહીં આપે તો જાનથી મારી નાખવાની ધમકી પણ ઉચ્ચારી હોવાનું પોલીસ ફરિયાદમાં જાહેર થયું છે. આ સમગ્ર પ્રકરણ સંદર્ભે પોલીસે જયકિશનભાઈ વિઠલાણીની ફરિયાદ પરથી તમામ ચાર આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતાની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ પી.આઈ. ડી.એમ. ભટ્ટ દ્વારા હાથ ધરવામાં આવી છે.

# ગુજરાત વિભાગમાં ૨૦૨૨ વર્ષના સિલેકટેડ ડી.વાય.એસ.પી. વિસ્મય માનસેતાને દેવભૂમિમાં મુકાયા



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૦

રાજ્યના ગૃહ વિભાગ દ્વારા મંગળવારે જારી કરવામાં આવેલા ૩૭ ડી.વાય.એસ.પી.ના સામૂહિક ઓર્ડરોમાં ગીર સોમનાથ જિલ્લામાંથી દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વિસ્મયભાઈ પરેશભાઈ માનસેતાની બદલી કરવામાં આવી છે. જિલ્લા એસ.સી. એસ.ટી. સેલ વિભાગમાં મૂકવામાં આવેલા યુવા ડી.વાય.એસ.પી. વિસ્મયભાઈ માનસેતા વર્ષ ૨૦૨૨ માં પસંદગી પામ્યા બાદ તેમની ગાંધીનગર એકેડેમી ખાતે એક વર્ષ ટ્રેનિંગ પૂર્ણ કરીને તેમનું ફિલ્ડ ટ્રેનિંગનું પોસ્ટિંગ ગીર સોમનાથ જિલ્લામાં કરવામાં આવ્યું હતું. તેમની આ કામગીરી પૂર્ણ થયા બાદ હાલ પ્રથમ પોસ્ટિંગ તેમને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નાયબ પોલીસ અધિક્ષક - એસ.સી. એસ.ટી. સેલ તરીકે આપવામાં આવ્યું છે. મૂળ સાવરકુંડલાના વતની અને હાલ રાજકોટ થયેલા રઘુવંશી પરિવારના વિસ્મયભાઈ માનસેતાને દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ તંત્ર તેમજ રઘુવંશી જ્ઞાતિ દ્વારા આવકારવામાં આવ્યા છે.

# આઈકોનિક અભિનેતા અમિતાભ બચ્ચન અંધશ્રદ્ધાળુ પણ છે

## અમિતાભ બચ્ચન ૮૨ વર્ષની ઉંમરે પણ તેઓ સ્ફૂર્તિ અને કામના મામલે યુવાનોને સ્પર્ધા આપી રહ્યા છે



મુંબઈ, તા.૧૦

અમિતાભ બચ્ચન ૮૨ વર્ષની ઉંમરે પણ તેઓ સ્ફૂર્તિ અને કામના મામલે યુવાનોને સ્પર્ધા આપી રહ્યા છે. તેઓ ૨૦ મિનિટ વોક કરીને જીમમાં જઈને અને પછી કસરતની સાથે યોગ કરીને પોતાને ફિટ રાખે છે. પરંતુ, તાજેતરમાં એક ફેને એક્ટરનું એક રહસ્ય જાહેર કર્યું અને કહ્યું કે બિગ બી ફક્ત ઉત્તર તરફ મોં રાખીને ભોજન કરે છેઅમિતાભ બચ્ચન બોલિવૂડના તે મેગાસ્ટાર છે, જેમણે ઘણી આઈકોનિક ફિલ્મો આપી છે. બિગ બી સાથે કામ કરનાર કોઈપણ વ્યક્તિ સારી રીતે જાણે છે કે તે આજે પણ પોતાનું કામ કેટલી પરફેક્શનથી કરે છે. ૮૨ વર્ષના અમિતાભ હજુ પણ સ્ક્રીન પર એક્ટિવ છે. 'શોલે', 'ડોન', 'જંજીર', 'શાહશાહ'થી લઈને 'કલ્કી ૨૮૯૮ એડી' સુધી તેમણે પોતાના દમદાર અભિનયથી લોકોને ચોંકાવી દીધા છે. અમિતાભે તેમના જીવનમાં તેમના સ્વાસ્થ્ય સંબંધિત ઘણા ઉતાર-ચઢાવ જોયા. અમિતાભ બચ્ચન સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહે છે. પોતાની જાતને ફિટ રાખવા માટે તે ફૂડથી લઈને યોગ સુધીના દરેક બાબતમાં કડક નિયમોનું પાલન કરે છે.'કૌન બનેગા કરોડપતિ ૧૬'ના લેટેસ્ટ એપિસોડમાં, અમિતાભ બચ્ચનના પરિવાર સાથે જોડાયેલી એક રસપ્રદ વાત સામે આવી છે, જેમાં હૉટ સીટ પર બેઠેલા સ્પર્ધક કૌશલેન્દ્ર પ્રતાપ સિંહે એક પુસ્તકની ચર્ચા કરી હતી, જે મેગાસ્ટારના પિતા એટલે કે હરિવંશ રાય બચ્ચને લખી હતી. આમાં તેણે કહ્યું હતું કે, બચ્ચન પરિવાર હંમેશા સાથે જમે છે અને ડાઈનિંગ ટેબલની દિશા ઉત્તર તરફ હોય છે.કૌશલેન્દ્ર પ્રતાપ સિંહે જણાવ્યું કે, તેમણે હરિવંશ રાય બચ્ચનનું એક પુસ્તક વાંચ્યું હતું. જેમાં તેમણે પોતાના પરિવાર વિશે કંઈક ઉલ્લેખ કર્યો છે. હરિવંશ રાય બચ્ચને લખ્યું છે કે, 'તેમના પરિવારના તમામ સભ્યો હંમેશા સાથે જમે છે અને અમિતાભ બચ્ચન હંમેશા ડાઈનિંગ ટેબલ પર ઉત્તર તરફ મોઢું રાખીને બેસે છે.પુસ્તકમાં લખ્યું છે કે, ઉત્તર તરફ જ્ઞાન અને આધ્યાત્મિક ચેતના વધે છે. કરિયરમાં પ્રગતિ થાય છે. ઘરમાં ધન અને સમૃદ્ધિ વધે છે. માનસિક તણાવમાંથી રાહત મળે છે. બીમાર અને વૃદ્ધ લોકોના સ્વાસ્થ્યમાં સુધારો થાય છે. જ્યારે હરિવંશ રાય ઈચ્છતા હતા કે અમિતાભ બચ્ચન લાંબુ જીવન જીવે.કૌશલેન્દ્રએ કહ્યું, 'તેમણે લખ્યું હતું કે, મને સત્યની જરૂર છે પરંતુ તને (અમિતાભ) લાંબા આયુષ્યની જરૂર છે.' હરિવંશે એમ પણ લખ્યું હતું કે જ્યારે તેમણે અમિતાભની જગ્યાએ ઉત્તર તરફ મોઢું રાખીને બેસવાની ઈચ્છા વ્યક્ત કરી ત્યારે બિગ બીએ તેમને કહ્યું હતું કે, 'મારે સત્યની કિંમત પર લાંબુ આયુષ્ય નથી જોઈતું.આયુર્વેદ અને વાસ્તુમાં એવું માનવામાં આવે છે કે પૂર્વ તરફ મુખ રાખીને ભોજન કરવાથી લાંબુ આયુષ્ય મળે છે, જ્યારે ઉત્તર તરફ મુખ રાખીને ભોજન કરવાથી જ્ઞાન, સત્ય અને આધ્યાત્મિક શક્તિ મળે છે. અમિતાભ બચ્ચને શોમાં કહ્યું હતું કે, 'મારા પિતા હંમેશા ઈચ્છતા હતા કે, મારું આયુષ્ય લાંબુ હોય. તેમના માટે આ જ પૂરતું હતું.

# મહારાષ્ટ્રનાં 3 ગામમાં એકાએક લોકો ટાલિયા બનવા લાગતા હાહાકાર

બુલઢાણા, તા.૧૦

મનુષ્યની સુંદરતામાં વાળનું આગવું મહત્વ છે. વાળની જાળવણી માટે લોકો અનેક જાતના ઉપચારો અને નુસખાં અજમાવતા રહે છે. જો કે મહારાષ્ટ્રના બુલઢાણા જિલ્લાના કેટલાંક ગામોમાં છેલ્લાં કેટલાંક સમયથી એક વિચિત્ર બીમારી ફેલાઈ છે. જેને કારણે સંખ્યાબંધ લોકોના વાળ ઝડપથી ખરી રહ્યાં છે અને લોકો ગણતરીના દિવસોમાં જ ટાલિયા બની રહ્યાં છે. બુલઢાણા જિલ્લાના ત્રણ ગામોમાં છેલ્લા ૩ દિવસમાં ૬૦થી વધુ લોકોના વાળ અચાનક જ ખરવાનું શરૂ થઈ ગયું છે.

જિલ્લાના શેગાંવ તહસીલના બોંડગાંવ, કાલવાડ અને હિંગણા ગામમાં બાળકોથી લઈને વૃદ્ધો સુધીના દરેકના વાળ ખરવા લાગ્યા છે. જેના કારણે તેઓને ટાલ પડી રહી છે, મહિલાઓ પણ તેનો શિકાર બની રહી છે. આ ગામડાઓમાં ફેલાઈ રહેલો આ કયા પ્રકારનો રોગ છે, તે હજુ સુધી જાણી શકાયું નથી. આ રોગ આનુવંશિક છે કે કેમ તે જાણવા માટે આરોગ્ય વિભાગની ટીમે આ ગામોમાં જઈને સર્વે કર્યો છે. તેમણે પાણીના સેમ્પલ પણ લઈ લીધાં છે. આ રોગના પહેલા દિવસે જ વ્યક્તિને માથામાં ખંજવાળ આવવા લાગે છે. બીજા દિવસથી વાળ હાથમાં આવવા માંડે છે અને ત્રીજા દિવસે દર્દીને ટાલ પડી જાય છે. સ્ત્રીઓ આ રોગથી સૌથી વધુ પીડિત છે. બીકના માર્યા મોટાભાગના દર્દીઓએ ખાનગી હોસ્પિટલમાં સારવાર લેવાનું શરૂ કર્યું છે. એકાએક ફેલાયેલા આ રોગથી આરોગ્ય વિભાગ પણ મૂંઝવણમાં છે. જિલ્લા આરોગ્ય અધિકારી ડો. દિપાલી માલવડકરે આ અંગેની માહિતી જિલ્લા આરોગ્ય અધિકારી અને અન્ય વહીવટીતંત્રને આપી છે. આ રોગનો વહેલી તકે ઈલાજ શોધવા ગ્રામજનોની માંગ છે.

જસ્ટિસ ગવઈએ સુપ્રીમ કોર્ટની તુલના હાઈકોર્ટ સાથે કરી

# મેં સુપ્રીમ કોર્ટ જેટલી શિસ્તહીન કોર્ટ નથી જોઈ: જસ્ટિસ ગવઈ

## આપણે જોઈ શકીએ છીએ કે એક તરફ ૬ વકીલો બેઠા છે, ૬ વકીલો બીજી બાજુ બેઠા છે અને એકસાથે બૂમો પાડી રહ્યા છે



નવી દિલ્હી, તા.૧૦

જસ્ટિસ બીઆર ગવઈએ ફરી એકવાર સુપ્રીમ કોર્ટની સ્થિતિ પર નારાજગી વ્યક્ત કરી છે. અહેવાલ છે કે તેમણે સુપ્રીમ કોર્ટને સૌથી અનુશાસનહીન સ્થળ ગણાવ્યું છે અને તેની તુલના હાઈકોર્ટ સાથે કરી છે. ગયા વર્ષે પણ તેમણે શિસ્તના મુદ્દે સુપ્રીમ કોર્ટ પર સવાલો ઉઠાવ્યા હતા. ઉલ્લેખનીય છે કે જસ્ટિસ ગવઈ ૨૦૨૫માં CJI એટલે કે ચીફ જસ્ટિસ ઑફ ઈન્ડિયા બનવા જઈ રહ્યા છે.જસ્ટિસ ગવઈએ હાઈકોર્ટની પ્રશંસા કરી છે. સાથે જ તેમણે સુપ્રીમ કોર્ટમાં ઘોંઘાટની પણ વાત કરી છે. તેમણે કહ્યું હતું કે હું બોમ્બે, નાગપુર અને ઓરંગાબાદ બેન્ચમાં જજ રહી ચૂક્યો છું, પરંતુ મેં સુપ્રીમ કોર્ટ જેવી અનુશાસનહીનતા ક્યાંય જોઈ નથી. અહીં આપણે જોઈ શકીએ છીએ કે એક તરફ ૬ વકીલો બેઠા છે, ૬ વકીલો બીજી બાજુ બેઠા છે અને એકસાથે બૂમો પાડી રહ્યા છે. હાઈકોર્ટમાં આવું ક્યારેય જોવા મળતું નથી. જસ્ટિસ ગવઈએ ગયા વર્ષે સપ્ટેમ્બરમાં પણ આ જ પ્રકારની ટિપ્પણી કરી હતી.

# આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

અર્થસંચય (ધનભેગું) કરવાની અપેક્ષાએ તપ સંચય સર્વશ્રેષ્ઠ છે.

- મહાભારત

## : આજનું પંચાંગ :

: પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.અમરદાદ-૧૩૯૪, મુ. રજજબ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, પોષ સુદ-૧૧ પુત્રદા એકાદશી તા.૧૦ જાન્યુઆરી ૨૦૨૫, શુક્રવાર, પારસી તા.૨૯, મુસ્લિમ તા.૯, કૃતિકા નક્ષત્ર, શુભ યોગ, બવ કરણ, સૂ.ઉ.૭:૩૫, સૂ.અ.૬:૨૨

આજનો દિવસ બપોરે ૧:૪૪ ક.થી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: મોઢે આવેલો કોળીયો છીનવાઈ જાય. વ્યર્થ ક્રોધથી દૂર રહેવું હિતાવહ.
વૃષભ: સંપત્તિને લગતા કાર્યો સફળ થાય. આરોગ્ય અંગે સંભાળવું.
મિથુન: માનસિક ચિંતા અનુભવાય. કાર્યબોજમાં વધારો થાય.
કર્ક: નવિન ઓળખાણ લાભદાયી નીવડે. પ્રવાસમાં વિઘ્ન આવે.
સિંહ: પ્રવાસથી લાભ થાય. પરિશ્રમનું શુભ ફળ મળે.
કન્યા: કૌટુંબિક ચિંતા વિશેષ રહે. ગૃહવિવાદના ભોગ બનવું પડે.
તુલા: સમસ્યાનો ઉકેલ મળે. ઉન્નતિની આશા ફળદાયી નીવડે.
વૃશ્ચિક: ગુપ્ત ચિંતા સતાવે. મનમાં મૂંઝવણ રહે.
ધન: ધાર્યા કાર્યોમાં વિલંબ થાય. આર્થિક લેવડ-દેવડમાં સાવચેત રહેવું.
મકર: ખર્ચનો પ્રસંગ બને. પડવા-વાગવાથી સંભાળવું.
કુંભ: કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા મળે. મનની મુરાદ બર આવે.
મીન: કૌટુંબિક ક્ષેત્રે પ્રતિકૂળતા રહે. હિતશત્રુઓથી સાવધ રહેવું.

# ૧૩ વર્ષમાં ૧૮ લાખથી વધુ લોકોએ નાગરિકતા છોડી દીધી : સરકાર

નવી દિલ્હી, તા.૧૦

રાજ્યસભામાં રજૂ કરાયેલા સરકારી ડેટા અનુસાર છેલ્લા ૧૩ વર્ષમાં ૧૮ લાખથી વધુ ભારતીયોએ ૧૩૫ દેશોની રાષ્ટ્રીયતા પસંદ કરીને તેમની નાગરિકતાનો ત્યાગ કર્યો છે. જે દેશોએ નાગરિકતાની પસંદગી કરી છે તેમાં પાકિસ્તાન, બાંગ્લાદેશ, ફિજી, મ્યાનમાર, થાઈલેન્ડ, નામીબિયા, નેપાળ અને શ્રીલંકાનો સમાવેશ થાય છે, જે વિકાસ અને વૈશ્વિક પ્રભાવની દ્દષ્ટિએ ભારતથી નોંધપાત્ર રીતે પાછળ છે. અન્ય દેશો કે જેઓ લોકપ્રિય પસંદગી તરીકે ઉભરી આવ્યા તેમાં યુએસ, કેનેડા, રશિયા, ચીન, ઈજિપ્ત, ન્યુઝીલેન્ડ, સિંગાપોર, દક્ષિણ આફ્રિકા, સ્પેન, સુદાન, સ્વિટ્ઝર્લેન્ડ, ત્રિનિદાદ અને ટોબેગો, યુકે, તુર્કી, યુએઈ અને વિયેતનામનો સમાવેશ થાય છે. વિદેશ મંત્રાલય (MEA) દ્વારા રજૂ કરાયેલા ડેટા અનુસાર ૨૦૨૨માં રેકોર્ડ ૨,૨૫,૬૨૦ ભારતીયોએ તેમની નાગરિકતા છોડી દીધી હતી, ત્યારબાદ ૨૦૨૩માં ૨,૧૬,૨૧૯ લોકોએ નાગરિકતા છોડી દીધી હતી. ૨૦૧૫થી ૨૦૨૩ સુધીમાં ૧૨ લાખથી વધુ લોકોએ ભારતીય નાગરિકતા છોડી અન્ય દેશની નાગરિકતા મેળવવાનું પસંદ કર્યું હતું. ઉચ્ચ ગૃહમાં તેના જવાબમાં MEAએ આ વલણ વ્યક્તિગત કારણોને આભારી હોવાનું જણાવ્યું છે. MEAએ



જણાવ્યું હતું કે, નાગરિકતા છોડવાનું કે લેવાનું કારણ વ્યક્તિગત છે, જ્ઞાન આધારિત અર્થતંત્રના યુગમાં સરકાર વૈશ્વિક કાર્યસ્થળની સંભવિતતાને ઓળખે છે. તેણે ભારતીય સમુદાય સાથેના તેના સંબંધોમાં પરિવર્તનકારી બદલાવ પણ લાવ્યું છે. કેટલાક નિષ્ણાતોએ વલણને વધુ સારી કારકિર્દીની તકો, જીવનની ગુણવત્તામાં સુધારો, ઉન્નત શૈક્ષણિક સંભાવનાઓ અને વૈશ્વિક ગતિશીલતાની એક્સેસ જેવા પરિબળો સાથે જોડ્યા છે. વિદેશી રોજગાર વિશ્લેષક અર્ચના કુમારીએ જણાવ્યું હતું કે, મજબૂત સામાજિક સુરક્ષા પ્રણાલીઓ અને દ્વિ નાગરિકતાની જોગવાઈ સાથે વિકસિત દેશોની લાલચ, જેને ભારત હાલમાં મંજૂરી આપતું નથી, તેને પણ ભૂમિકા ભજવી હોઈ શકે છે. ૨૦૨૨ પહેલા લગભગ ૧,૬૩,૩૭૦ ભારતીયોએ અન્ય દેશોની નાગરિકતા પસંદ કરી હતી. ફક્ત ૨૦૨૦માં જેણે વિશ્વવ્યાપી કોવિડ રોગચાળો જોયો હતો, સૌથી ઓછી સંખ્યામાં ૮૫,૨૫૬ ભારતીયોએ અન્ય દેશોની નાગરિકતા પસંદ કરી હતી. છેલ્લા બે દાયકામાં વૈશ્વિક કાર્યસ્થળની શોધખોળ કરનારા ભારતીયોની સંખ્યા નોંધપાત્ર રહી છે. MEAએ અહેવાલ આપ્યો છે કે, સંસદ સાથે શેર કરેલી માહિતી અનુસાર મજૂરો, વ્યાવસાયિકો અને નિષ્ણાતો સહિત લગભગ ૧.૩ કરોડ ભારતીય નાગરિકો હાલમાં વિદેશમાં રહે છે. હાલમાં ભારતના બંધારણની કલમ ૯ અને નાગરિકતા અધિનિયમ ૧૯૫૫ની કલમ ૯ની જોગવાઈઓ અનુસાર બેવડી નાગરિકતાની પરવાનગી નથી. ઓગસ્ટ ૨૦૦૫માં નાગરિકતા અધિનિયમ ૧૯૫૫માં સુધારો કરીને ઓવરસીઝ સિટિઝનશિપ ઓફ ઈન્ડિયા (OCI) સ્કીમ રજૂ કરવામાં આવી હતી. આ સ્કીમ ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ અથવા ત્યાર પછી ભારતના નાગરિક હતા તેવા ભારતીય મૂળના તમામ વ્યક્તિઓની OCI તરીકે નોંધણીની જોગવાઈ કરે છે. રજિસ્ટર્ડ OCIs બંધારણની કલમ ૧૬ હેઠળ ભારતના નાગરિકને આપવામાં આવેલા અધિકારો માટે હકદાર રહેશે નહીં.

# મસ્કે H-1B વિઝા પ્રોગ્રામનો બચાવ કરતા તેના માટે લડત આપવા પ્રતિજ્ઞા લીધી; ટ્રમ્પે તેમનું સમર્થન કર્યું



(એજન્સી) તા.૧૦

યુ.એસ.માં કુશળ વિદેશી કામદારોને લાવવા માટે ઉપયોગમાં લેવાતા પ્રોગ્રામનો બચાવ કરતા ટેક અબજોપતિએ તેનું સમર્થન કરવાના શપથ લીધા પછી એલોન મસ્કને પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા H-1B વિઝા ઉપરના તેમના વલણ ઉપર સમર્થન મળ્યું છે. મસ્કને ભારતીયઅમેરિકન ટેક ઉદ્યોગસાહસિક વિવેક રામાસ્વામી સાથે ટ્રમ્પ દ્વારા તેમના ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી (DOGE)નું નેતૃત્વ કરવા માટે કહેવામાં આવ્યું હતું, તેમણે દલીલ કરી હતી કે, મસ્કની સ્પેસએક્સ અને ટેસ્લા જેવી ટેક કંપનીઓ માટે વિદેશી કામદારોની જરૂર છે. મસ્કે X ઉપર લખ્યું હતું કે, 'SpaceX, Tesla અને અન્ય સેંકડો કંપનીઓ છે જેણે અમેરિકાને મજબૂત બનાવ્યું છે. તેમાં ઘણા નિર્ણાયક લોકો અમેરિકામાં મારી સાથે છું અને તેનું કારણ H1B વિઝા છે. ટ્રમ્પે મસ્કનો પક્ષ લેતા કહ્યું કે, તેઓ તેમના કેટલાક સમર્થકો દ્વારા વિરોધ કરાયેલા કાર્યક્રમનું સંપૂર્ણ સમર્થન કરે છે. ટ્રમ્પે ન્યૂયોર્ક પોસ્ટ અખબારને કહ્યું કે, મને હંમેશા આ વિઝા ગમ્યા છે, હું હંમેશા વિઝાની તરફેણમાં રહ્યો છું. તેથી જ મસ્ક અમારી સાથે છે. હું H-1Bમાં વિશ્વાસ રાખું છું. મેં તેનો ઘણી વખત ઉપયોગ કર્યો છે. તે એક યોગ્ય કાર્યક્રમ છે. H-1B વિઝા એ નોન-ઈમિગ્રન્ટ વિઝા છે જે યુએસ કંપનીઓને સૈદ્ધાંતિક અથવા તક્નિકી કુશળતાની જરૂર હોય તેવા વિશિષ્ટ વ્યવસાયોમાં વિદેશી કામદારોને નોકરી આપવાની મંજૂરી આપે છે. ટેક્નોલોજી કંપનીઓ ભારત અને ચીન જેવા દેશોમાંથી દર વર્ષે હજારો કર્મચારીઓની ભરતી કરવા માટે તેના ઉપર નિર્ભર છે. યુ.એસ.માં ઉચ્ચ કુશળ કામદારોને આકર્ષવા માટે ટેક ઉદ્યોગે લાંબા સમયથી વધુ H-1B વિઝાની માગણી કરી છે. ટ્રમ્પના પ્રથમ વહીવટીતંત્રે ૨૦૨૦માં પ્રોગ્રામને પ્રતિબંધિત કર્યો હતો. મસ્ક પણ એક સમયે H-1B વિઝા ઉપર હતા અને જેની ઈલેક્ટ્રિક વાહન કંપની ટેસ્લાએ પ્રોગ્રામનો ઉપયોગ કરીને કામદારોને રાખ્યા છે, તેણે વિદેશી કામદારોને લાવવાની તક્નિકી ઉદ્યોગની જરૂરિયાતનો બચાવ કર્યો હતો અને કહ્યું કે, કોઈપણ જાતિ, સંપ્રદાય અથવા રાષ્ટ્રીયતા સાથે જેઓ અમેરિકામાં આવ્યા અને આ દેશમાં યોગદાન આપવા માટે કામ કર્યું છે, તેમના માટે હંમેશા મને સન્માન રહેશે. અમેરિકા સ્વતંત્રતા અને તકની ભૂમિ છે. તેને જાળવી રાખવા માટે હું લડત આપીશ. મસ્કે એવા લોકો ઉપર પણ આકરા પ્રહારો કર્યા જેઓ દેશની સુખાકારી ઉપર વ્યક્તિગત લાભને પ્રાથમિકતા આપે છે. જેઓ અમેરિકા જીતવા માંગે છે તેમના માટે આ યોગ્ય સ્થિતિ છે. જેઓ ઈચ્છે છે કે, અમેરિકા પોતાના અંગત ફાયદા માટે ગુમાવે તો મને તેમના માટે કોઈ માન નથી. મસ્કે X ઉપર લખ્યું હતું કે, ઉત્તમ ઈજનેરી પ્રતિભાની કાયમી અછત છે. તે સિલિકોન વેલીમાં મૂળભૂત મર્યાદિત પરિબળ છે. ટ્રમ્પના ઘણા સમર્થકો અને ઈમિગ્રેશન વિરોધી કટ્ટરપંથીઓ ઈમિગ્રેશન ઉપરની ચર્ચા વચ્ચે H-1B વિઝા પ્રોગ્રામને રદ કરવા માટે વધુને વધુ દબાણ કરી રહ્યા છે. પ્રભાવક લૌરા લૂમરે ભારતીયઅમેરિકન ઉદ્યોગ સાહસિક શ્રીરામ કૃષ્ણનની તેમના આગામી વહીવટમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ નીતિના સલાહકાર તરીકે પસંદગીની ટ્રમ્પની ટીકા કરી હતી ત્યારે આ ચર્ચા શરૂ થઈ. કૃષ્ણન વધુ કુશળ ઈમિગ્રન્ટ્સને યુએસમાં લાવવાની તરફેણ કરે છે.

# ભારતીય કંપનીઓ ૨૦૨૫માં નોકરીઓ આપવામાં ૧૦ ટકાનો વધારો કરશે : રિપોર્ટ

મુંબઈ તા.૧૦

ભારતીય કંપનીઓ ૨૦૨૪ની સરખામણીમાં ૨૦૨૫માં ઓછામાં ઓછા ૧૦ ટકા વધુ કર્મચારીઓની ભરતી કરશે. આમાંની મોટાભાગની ભરતીઓ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને ડેટા એનાલિટિક્સ જેવી નવી ટેક્નોલોજીના ક્ષેત્રોમાં હશે. એક રિપોર્ટમાં આ માહિતી આપવામાં આવી છે. સ્ટાફિંગ સોલ્યુશન્સ પ્રદાન કરતી કંપની CIEL HRના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે મોટી ભારતીય કંપનીઓ ૨૦૨૫માં ભરતીને લઈને વિશ્વાસ ધરાવે છે. મોટાભાગની કંપનીઓની ભરતી ૨૦૨૪ના સ્તરને પાર કરી શકે છે. કંપનીઓ કર્મચારીઓના કૌશલ્ય વિકાસ ઉપર પણ ધ્યાન આપી રહી છે. રિપોર્ટ અનુસાર સેમિકન્ડક્ટર, સ્ટાર્ટઅપ, સાયબર સિક્યુરિટી, રિન્યુએબલ એનર્જી, AI અને GCCમાં મહત્તમ ભરતી થશે. ફાઉન્ડિટ (અગાઉ મોન્સ્ટર)ના અગાઉના અહેવાલ મુજબ, ૨૦૨૫માં ભરતીમાં ૯ ટકાનો વધારો થવાની ધારણા છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ઉભરતી ટેક્નોલોજી અને બદલાતી બિઝનેસ પ્રાથમિકતાઓ ૨૦૨૫માં ભારતના જોબ માર્કેટને આકાર આપશે. એ જ કોમ્પ્યુટીંગ, ક્વોન્ટમ એપ્લિકેશન્સ અને સાયબર સુરક્ષા એડવાન્સમેન્ટ્સ જેવી નવીનતાઓ દેશના ઉત્પાદન, આરોગ્યસંભાળ અને આઈટી ઉદ્યોગોને પરિવર્તિત કરવા માટે તૈયાર છે. ફાઉન્ડિટના માર્કેટિંગના વાઈસ પ્રેસિડેન્ટ અનુપમા ભીમરાજકાએ જણાવ્યું હતું કે, 'ભારતનું જોબ માર્કેટ ૨૦૨૫ સુધીમાં કદમાં વૃદ્ધિ પામશે. આ સમયગાળા દરમ્યાન ભરતીમાં ૧૦ ટકાનો વધારો થવાની ધારણા છે. કંપનીઓ માત્ર અનુભવી પ્રોફેશનલ્સ જ શોધી રહી નથી.', પણ સ્થાપિત કેન્દ્રોની બહાર તેમની શોધને વિસ્તૃત કરવી. રિટેલ સેક્ટરમાં ભરતીમાં ૧૨ ટકાનો વધારો થવાનો અંદાજ છે, જે પરંપરાગત અને ટેક-સક્ષમ ભૂમિકાઓની વધતી માંગને પ્રતિબિંબિત કરે છે. રિટેલ સેક્ટરનો વિકાસ બ્રિક-એન્ડ-મોર્ટાર સ્ટોર્સના પુનરૂત્થાન અને ટિયર-૨ અને ટાયર-૩ર શહેરોમાં ગ્રાહક ખર્ચમાં વધારો થવાને કારણે થઈ રહ્યો છે.

# ડો.મનમોહન સિંહને ભારત રત્ન આપવા માટે વધુને વધુ બુલંદ બની રહી છે માંગણી

## રાજકીય વર્તુળો માને છે કે, વડાપ્રધાન પદના એમના કાર્યકાળ દરમ્યાન ભારતના વિકાસ માટે એમનું યોગદાન જોતા તેઓ એવોર્ડના પૂરેપૂરા લાયક છે



નવી દિલ્હી, તા.૧૦

દેશના પૂર્વ વડાપ્રધાન અને પહેલા શીખ પીએમ ડો.મનમોહન સિંઘને ભારત રત્ન આપવાની માંગણી દિવસે દિવસે વધુ જોર પકડી રહી છે. રાજકીય વર્તુળ એવું માંને છે કે, વડાપ્રધાન પદ દરમ્યાન એમણે દેશનો જે રીતે વિકાસ કર્યો એ જોતા તેઓ ભારત રત્નને લાયક છે. હાલ અલગ અલગ પક્ષોના આગેવાનો દ્વારા ડો.સિંઘને ભારત રત્ન આપવાની માંગણી જોર પકડવા લાગી છે. અને આગેવાનો દ્વારા 'મનમોહન સિંઘ કો ભારત રત્ન દો' જેવા સુત્રો બોલાય રહ્યા છે. જે દર્શાવે છે કે, દેશ માટે એમના યોગદાનની લોકોના હૃદયમાં ખૂબ ઊંડી ખાઈ જોવા મળી છે. પંજાબ કોંગ્રેસના નેતા પ્રતાપ સિંઘ બાજવા, તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડી, કોંગ્રેસના રાજ્યસભાના સભ્ય જયરામ રમેશ અને આપના નેતા સંજય સિંઘ વગેરેએ જાહેરમાં એવી માગણી કરી છે કે, ડો.સિંઘને ભારત રત્ન આપવો જોઈએ. એમની દલીલ એવી છે કે, ડો.સિંઘે ભારતમાં આર્થિક સુધારા લાવવામાં ચાલીરૂપ ભુમીકા ભજવી હતી જેના કારણે અર્થતંત્ર મુક્ત થયું હતું. જેની ભારતના વિકાસ અને વિશ્વમાં અર્થતંત્રના દરજ્જા ઉપર કાયમી સારી અસર થઈ હતી. ખૂબ જ પડકારૂપ સમયમાં તેમણે ભારતના અર્થતંત્રને જાળવી રાખ્યું, સુધારા કરાવ્યા અને વૈશ્વિક બનાવ્યું તેલંગાણાના પૂર્વ CM કે.ચંદ્રશેખર રાવ જણાવે છે કે, તેલંગાણાની રચનામાં પણ ડો.સિંઘની ચાવીરૂપ ભૂમિકા રહી હતી. એમના કાર્યકાળમાં ભારતીય રાજકીય ફલક ઉપરનો આ ઐતિહાસિક નિર્ણય લેવાયો હતો. મુખ્ય વિરોધ પક્ષ BRS દ્વારા પણ ભારત રત્નની માગણીનો પૂરેપૂરૂં સમર્થન આપવામાં આવ્યું છે. કેટી રામરાવે કહ્યું હતું કે, દેશનું ઉચ્ચ સન્માન મેળવવાનો ડો.સિંઘને પૂરેપૂરો અધિકાર છે.

# પહેલીવાર સુપ્રીમ કોર્ટ કોલેજિયમે હાઈકોર્ટમાં જજશીપ મામલે વકીલો સાથે વાતચીત શરૂ કરી

નવી દિલ્હી તા.૧૦

હાઈકોર્ટ અને સુપ્રીમકોર્ટમાં ન્યાયાધીશોની નિમણૂકને લઈને ઘણી વખત એવી છાપ ઊભી થઈ છે કે પસંદગી પ્રક્રિયામાં પ્રથમ પેઢીના વકીલોને મહત્ત્વ આપવામાં આવતું નથી. તેના બદલે જે લોકો બીજી પેઢીના વકીલો છે અને જેમના પરિવારના સભ્યો પહેલેથી જ જજ છે તેઓને જજ તરીકે બઢતી આપવામાં આવે છે. હવે આ ધારણાને ખતમ કરવાની પહેલ કોલેજિયમ તરફથી આવી શકે છે. અહેવાલ અનુસાર, કોલેજિયમ એવા લોકોના નામ આગળ મૂકવાથી બચશે, જેમના પરિવારના સભ્યો અથવા સંબંધીઓ પહેલાથી જ હાઈકોર્ટ અથવા સુપ્રીમકોર્ટના જજ છે. જો આમ થશે તો કોલેજિયમ દ્વારા જજોની પસંદગી કરવાની પ્રક્રિયામાં મોટો ફેરફાર થશે. ન્યાયાધીશોમાં મોટી સંખ્યામાં એવા લોકો છે જેમના પરિવારના સભ્યો અથવા સંબંધીઓ ભૂતકાળમાં પણ કાયદાકીય વ્યવસાય સાથે જોડાયેલા છે. કોલેજિયમમાં સમાવિષ્ટ કેટલાક ન્યાયાધીશોએ જ પ્રસ્તાવ મૂક્યો હતો કે એવા લોકોના નામ આગળ ન મૂકવા જોઈએ, જેમના પરિવારના સભ્યો અથવા સંબંધીઓ પહેલાથી જ જજ રહી ચૂક્યા છે. જ્યારે આ અંગે ચર્ચા થઈ ત્યારે એ વાત પણ સામે આવી કે આવા નિર્ણય લેવાથી અમુક લાયકાત ધરાવતા લોકો દૂર થઈ શકે છે. કોલેજિયમમાં દલીલ કરવામાં આવી હતી કે આ લોકો સફળ વકીલ તરીકે સારૂં જીવન જીવી શકે છે. આ લોકોને પૈસા કમાવવાની તકોની કોઈ કમી નહીં હોય. ભલે તે કેટલાક લોકો માટે હાનિકારક હશે, પરંતુ મોટા હિતમાં આ નિર્ણય ખોટો નથી. કોલેજિયમ પોતે જ આવો નિર્ણય લે છે તે મહત્ત્વપૂર્ણ છે કારણકે સુપ્રીમ કોર્ટની પાંચ જજોની બંધારણીય બેન્ચે



૨૦૧૫માં રાષ્ટ્રીય ન્યાયિક નિમણૂક પંચને ફગાવી દીધું હતું. સરકારને આ સંસ્થાની રચના સંબંધિત કાયદો સંસદ દ્વારા સર્વસંમતિથી પસાર કરવામાં આવ્યો હતો, પરંતુ સુપ્રીમ કોર્ટે તેના ઉપર સ્ટે મૂકી દીધો હતો. આવી સ્થિતિમાં હવે કોલેજિયમ માટે જ જજની નિમણૂક પ્રક્રિયામાં સુધારો લાવવાનો પ્રસ્તાવ લાવવો મહત્ત્વપૂર્ણ છે. જ્યારે રાષ્ટ્રીય ન્યાયિક નિમણૂક કમિશન (NJAC)ને સુપ્રીમ કોર્ટમાં ફગાવી દેવામાં આવ્યો હતો, ત્યારે એક વકીલે તેનો કેસ રજૂ કરતી વખતે પરિવાર વાદની દલીલ આપી હતી. તેમણે જણાવ્યું હતુ કે, 'લોકોના મનમાં એવી લાગણી છે કે કોલેજિયમ સિસ્ટમમાં જજ તેની પસંદગી કરે છે. એવું છે કે તમે મારી પીઠ ખંજવાળ કરો અને હું તમારી પીઠ ખંજવાળો. આના દ્વારા ઘણી વખત એવા લોકોને જ પસંદ કરવામાં આવે છે, જેમના પરિવારના સભ્યો પહેલાથી જ ન્યાયિક વ્યવસ્થામાં છે. આવા ૫૦ ટકા જજ હાઈકોર્ટમાં છે, જેમના પરિવારના સભ્યો પહેલેથી જ કોર્ટમાં હતા.

# એલોન મસ્કે મંગળ ઉપર જીવન વિશે વાત કરતાં કહ્યું કે, આ લાલ ગ્રહ ઉપર લોકો દ્વારા સંચાલિત સીધી લોકશાહી હશે

(એજન્સી) તા.૧૦

એલોન મસ્કે ફરી એકવાર મંગળ ઉપર માનવતાના ભાવિ માટેનું તેમનું વિઝન શેર કર્યું છે, જેમાં તે ભવિષ્યની વસાહતના શાસનની કલ્પના કેવી રીતે કરે છે તેની ઝલક આપી છે. તેમણે મંગળ ઉપર શહેર બનાવવા માટે નાણાકીય અને તકનીકી પડકારોની વિગતો પણ શેર કરી હતી. સ્પેસએક્સના આ ટેક અબજોપતિ અને CEO માને છે કે ત્યાં સીધી લોકશાહી હશે, જ્યાં નિર્ણયો ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા નહીં પણ લોકો પોતે જ લેશે, તે લાલ ગ્રહને સંચાલિત કરવા માટે આદર્શ સિસ્ટમ હશે. મસ્કના વિચારો X ઉપર એક વપરાશકર્તા પ્રશ્નના જવાબમાં આપવામાં આવ્યા હતા. મસ્કનો આ પ્રતિભાવ સ્પષ્ટ હતો. તેમણે જણાવ્યું હતું કે તેઓ કેવી રીતે શાસન કરે છે તે નક્કી કરવાનું માર્ટિયન્સ પોતે જ નક્કી કરશે પરંતુ સૂચવ્યું કે લોકશાહી એ શ્રેષ્ઠ અભિગમ હોઈ શકે છે. તેમણે કહ્યું કે, મંગળવાસીઓ પોતા જ નક્કી કરશે કે તેઓ કેવી રીતે શાસન કરશે. હું સીધી લોકશાહીની ભલામણ કરૂ છું. ગવર્નન્સ ઉપરાંત, મસ્કે મંગળના સંશોધનને વાસ્તવિકતા બનાવવા તરફ સ્પેસએક્સની પ્રગતિ અંગે અપડેટ્સ આપી હતી. મસ્કના જણાવ્યા અનુસાર, ક્રૂડ વિનાના સ્ટારશિપ આગામી બે વર્ષમાં મંગળ ઉપર ઉતરાણ કરવાનું શરૂ કરી શકે છે, સંભવત : ૨૦૨૬ની શરૂઆતમાં મંગળ ઉપર સંપૂર્ણ ક્રૂડ મિશન ચાર વર્ષમાં થઈ શકે છે, અને ૨૦૨૮માં મંગળ ઉપરપ્રથમ માનવ પગ મૂકશે. આ સમયરેખા સ્પેસએક્સની સ્ટારશીપના સતત વિકાસ સહિતના ઘણા પરિબળો પર આધારિત છે, જે કાર્ગો અને ક્રૂ બંનેને વહન કરવા માટે અવકાશ મિશન છે. મસ્કે મંગળ ઉપર માનવ વસાહતની સ્થાપના સાથે સંકળાયેલ નાણાકીય અને તકનીકી પડકારોની પણ ચર્ચા કરી હતી. તેમણે અનુમાનલગાવ્યું હતું કે ત્યાં એક સ્વ-નિર્ભર શહેર બનાવવા માટે રૂા.૧,૦૦૦ ટ્રિલિયનનો ખર્ચ થશે. આ એક આશ્ચર્યજનક રકમ છે જે યુનાઈટેડ સ્ટેટ્સના વર્તમાન જીડીપી કરતાં ઘણી વધારે છે, જે લગભગ રૂા.૨૯ ટ્રિલિયન છે. માનવ જીવનને ટેકો આપવા માટે મંગળ ઉપર ઓછામાંઓછા એક મિલિયન ટન સાધનો અને સામગ્રીના પરિવહનની જરૂરિયાતને કારણે આ પુષ્કળ ખર્ચ થશે. મસ્કે અગાઉ ઉલ્લેખ કર્યો છે કે વર્તમાન મંગળ મિશનનો ખર્ચ ગ્રહ ઉપર પહોંચાડવામાં આવતા પેલોડ દીઠ આશરે $1 બિલિયનનો છે અને તેમણે આ મિશનને આર્થિક રીતે સધ્ધર બનાવવા માટે રોકેટ અને અવકાશયાન ટેક્નોલોજીમાં ૧૦૦૦ ગણા સુધારાની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો હતો. સ્પેસએક્સના મુખ્ય અવરોધો પૈકી એક મંગળ ઉપર કાર્ગો અને લોકોને મોકલવાનો ખર્ચ છે. હાલમાં, અવકાશ મિશનની વધુ કિંમત વસાહત બનાવવા વિશે વિચારવાનું ખર્ચાળ બનાવે છે, પરંતુ મસ્ક આશાવાદી છે કે ફરીથી વાપરી શકાય તેવા રોકેટ અને અન્ય તકનીકોમાં પ્રગતિ આ ખર્ચને ઘટાડવામાં મદદ કરશે. જો સ્પેસએક્સ તેની યોજનાઓમાં સફળ થાય છે, તો ભવિષ્યમાં મનુષ્ય માત્ર મંગળ ઉપર જ નહીં પરંતુ તેમની સરકારની સિસ્ટમને એવી રીતે નક્કી કરી શકે છે જે અગાઉ ક્યારેય ન થઈ હોય. પરંતુ, આને વાસ્તવિકતા બનવામાં હજુ ઘણો સમય છે.

# લાલુ યાદવે નીતિશકુમાર સાથે ફરી એક થવાનો સંકેત આપ્યો

પટના તા.૧૦

દેશભરમાં વધતી ઠંડીની સાથે બિહારમાં રાજકીય ગરમાવો વધી રહ્યો છે. નીતિશકુમારને લાલુ યાદવ તરફથી ઓફર આપ્યા બાદ રાજ્યના પૂર્વ નાયબ મુખ્યમંત્રીએ નિવેદન આપ્યું છે. તેજસ્વી યાદવે કહ્યું, 'લાલુજીએ આવી વાત મીડિયાને શાંત કરવા માટે કહી હતી.આ દરમ્યાન નીતિશ સરકારમાં મંત્રી વિજયકુમાર ચૌધરીએ કહ્યું કે, આરજેડીના નેતા કહે છે કે, દરવાજા બંધ છે. બીજા મોટા નેતા કહે છે કે, દરવાજા ખુલ્લા છે. આનો અર્થ છે કે, આ મૂંઝવણ ત્યાં છે, અહીં નહીં. અમે જ્યાંના ત્યાં જ છીએ. આ મામલે LJPRના પ્રદેશ અધ્યક્ષ રાજૂ તિવારીની પણ પ્રતિક્રિયા સામે આવી છે. તેઓએ કહ્યું કે, તેજસ્વી યાદવ અને આરજેડી સપના જુએ છે. એનડીએ ગઠબંધન સંપૂર્ણ રીતે મજબૂત છે. વળી બિહારના નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ નીતિશકુમારને લઈને તેજસ્વી યાદવના નિવેદન ઉપર કહ્યું કે, લાલુ યાદવ ડરેલા છે. વળી આરજેડી નેતા આલોક મહેતાએ કહ્યું, 'લાલુ યાદવે શું કહ્યું મેં નથી સાંભળ્યું, આવીકોઈ વાત હાલ જોવા નથી મળી.' આ પહેલાં લાલુ યાદવે કહ્યું હતું કે, નીતિશ માટે અમારા દરવાજા ખુલ્લા છે. નીતિશે પણ દરવાજા ખુલ્લા રાખવા જોઈએ. નીતિશ આવે છે તો સાથે કેમ નહીં લઈએ ? અમે સાથે લઈ લઈશું. નીતિશ સાથે આવે, કામ કરે. આરજેડી સુપ્રીમોનું કહેવું છે કે, નીતિશકુમાર ભાગી જાય છે, અમે માફ કરી દઈશું.

# ૫૭ ટકા શાળાઓમાં કાર્યરત કમ્પ્યુટર્સ છે : શિક્ષણ મંત્રાલય

નવી દિલ્હી, તા.૧૦

કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયના UDISE ડેટા અનુસાર, દેશમાં માત્ર ૫૭ ટકા શાળાઓમાં કાર્યરત કમ્પ્યુટર્સ છે જ્યારે ૫૩ ટકા પાસે ઈન્ટરનેટ એક્સેસ છે. યુનિફાઈડ ડિસ્ટ્રિક્ટ ઈન્ફર્મેશન સિસ્ટમ ફોર એજ્યુકેશન (UDISE) પ્લસ એ સમગ્ર દેશમાંથી શાળા શિક્ષણના ડેટાને એકત્ર કરવા માટે શિક્ષણ મંત્રાલય દ્વારા સંચાલિત ડેટા એકત્રીકરણ પ્લેટફોર્મ છે. જ્યારે ૯૦ ટકાથી વધુ શાળાઓ વીજળી અને લિંગ-વિશિષ્ટ શૌચાલય જેવી મૂળભૂત સુવિધાઓથી સજ્જ છે, ત્યારે કાર્યકારી ડેસ્કટોપ, ઈન્ટરનેટ એક્સેસ અને હાથથી ટેકો લઈ શકાય તેવી રેમ્પ જેવી અદ્યતન સુવિધાઓ મર્યાદિત છે. માત્ર ૫૭.૨ ટકા શાળાઓ પાસે કાર્યકારી કમ્પ્યુટર્સ છે, ૫૩.૯ ટકા પાસે ઈન્ટરનેટ છે, અને ૫૨.૩ ટકા રેમ્પ્સથી સજ્જ છે જે અહેવાલમાં નોંધ્યું છે કે, સુલભતા અને તકનીકી તત્પરતામાં નોંધપાત્ર અંતર દર્શાવે છે. ૨૦૨૩-૨૪માં વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૩૭ લાખ ઘટીને ૨૪.૮ કરોડ થવા સાથે એનરોલમેન્ટ લેન્ડસ્કેપમાં પણ ફેરફાર જોવા મળ્યો છે. ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો (GER)એ શૈક્ષણિક સ્તરોમાં અસમાનતાઓ જાહેર કરી. જ્યારે પ્રિપેરેટરી લેવલ ૯૬.૫ ટકાનો GER ધરાવે છે, જ્યારે પાયાનું સ્તર માત્ર ૪૧.૫ ટકા છે. મધ્યમ અને માધ્યમિક સ્તર અનુક્રમે ૮૯.૫ ટકા અને ૬૬.૫ ટકાના દરે વધુ ખરાબ છે. ઉચ્ચ શિક્ષણના સ્તરે ડ્રોપઆઉટનો દર પણ ઝડપથી વધ્યો, જે માધ્યમિક શાળામાં ૫.૨ ટકાથી માધ્યમિક તબક્કે ૧૦.૯ ટકા થયો. શિક્ષણ મંત્રાલયના અધિકારીએ જણાવ્યું હતું કે, ''રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP), ૨૦૨૦ હેઠળના પ્રયત્નો છતાં, આંતરમાળખાકીય ખામીઓ સાર્વત્રિક શિક્ષણ તરફની અમારી પ્રગતિને અવરોધે છે. ૨૦૩૦ માટે મહત્વાકાંક્ષી લક્ષ્યાંકોને પહોંચી વળવા માટે સંસાધનોને શ્રેષ્ઠ બનાવવું એ ચાવીરૂપ છે.'' NEP, ૨૦૨૦, સમાવેશ અને સમાનતાને પ્રાથમિકતા આપે છે અને UDISE Plus ડેટા પ્રતિનિધિત્વનો ચિતાર આપે છે.

# જૂનાગઢ શહેર-જીલ્લા ભાજપ પ્રમુખ પદનો તાજ મેળવવા એકથી વધારે જુથો મેદાને

## શહેર ભાજપ પ્રમુખની વરણી સામે મોટો પડકાર તો બીજી તરફ જીલ્લા ભાજપ પ્રમુખ પદનું કોકડું પણ ગુંચવાયું

જૂનાગઢ તા. ૧૦

જૂનાગઢ સહીત સૌરાષ્ટ્રભરમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા શહેર ભાજપ પ્રમુખ અને જીલ્લા પ્રમુખની નિયુકતી માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પરંતુ આ બંને પદ મેળવવા માટે ભારે હોડ જામી છે. અને ઠેર ઠેર જુથબંધીનાં વરવા દ્રશ્યો સર્જાયા છે. અને જેની સામે ગુજરાત પ્રદેશ ભાજપનાં મોવડી મંડળ માટે પ્રમુખ પદ કોને આપવું તે ખુબ જ પેચીદો પ્રશ્ન બની ગયો છે.

તાજેતરમાં સૌરાષ્ટ્રભરનાં તમામ શહેર જીલ્લામાં ભાજપનાં પ્રમુખની નવી નિયુકતી મુદે સેન્સ લેવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. દરમ્યાન જૂનાગઢ શહેર ભાજપનાં કાર્યાલય કમલમ ખાતે પણ નિરીક્ષકોની ઉપસ્થિતિમાં શહેર ભાજપનાં પ્રમુખ પદ માટે સંખ્યાબંધ લોકોએ દાવેદારી નોંધાવી હતી. તો બીજી તરફ જીલ્લા ભાજપ પ્રમુખ પદ માટે પણ ભારે હોડ જામી છે. જૂનાગઢ ખાતે શહેર ભાજપ અને જીલ્લા ભાજપનાં પ્રમુખની વરણી માટેની સેન્સ લેવાની કાર્યવાહી બાદ મોવડીઓ સમક્ષ આ રીપોર્ટ રજુ કરવામાં આવી રહયો છે. દરમ્યાન છેલ્લા કેટલાક સમય થયા જૂનાગઢ શહેર અને જીલ્લા ભાજપનાં માળખામાં ભારે ખેંચાણ, જુથબંધી, હુંશાતુંશી અને ટાંટીયા ખેંચની સ્પર્ધા ચાલી રહી હોવાનાં દ્રશ્યો સામે આવ્યા છે. અને પક્ષનાં પાયાનાં કાર્યકરો કે જેઓ દિન-રાત સખ્ત મહેનત કરી અને મહત્વની કામગીરી કરી રહયા છે તેવા અનેક તરવૈયા અને પક્ષનાં વફાદાર કાર્યકર્તાઓ આજે ફકતને ફકત બુંગણ પાથરવા, ખુરશીઓ ગોઠવવી કે બેઠક વ્યવસ્થા ગોઠવવી તેવી કામગીરી કરી રહયા હોવાની ચર્ચા ઉઠી છે. અને આવા સંનિષ્ઠ કાર્યકરો એક યા બીજા બહાના હેઠળ પડદા પાછળ ધકેલી દેવામાં આવ્યા છે. નાણાંનું જોર સત્તા અને વગધારીઓનું પલ્લું દર વખતે ભારે થઈ રહયું હોવાનો ઘુંઘવાટ જોવા મળે છે. વારંવાર એકને એક વ્યકિતને રીપીટ કરવાની થિયરી ભાજપ દ્વારા ચલાવવામાં આવતી હોય જેને લઈને પણ શહેર જીલ્લા ભાજપનાં કાર્યકર્તાઓમાં ભારે આક્રોશ વ્યાપેલો છે.


આવી પરિસ્થિતિ વચ્ચે મહાનગરપાલિકાની ચુંટણી નજીક આવી રહી છે તેવા સંજોગોમાં શહેર ભાજપનાં માળખાને ખાસ કરીને પ્રમુખની નિમણુંક તેમજ જીલ્લા ભાજપનાં પ્રમુખ પદની વરણી માટેનો તખ્તો ગોઠવાયો છે. પરંતુ આ વરણી લોઢાનાં ચણા ચાવવા જેવી સાબિત થશે તેવું રાજકીય નિષ્ણાંતોનું માનવું છે. અત્યંત આધારભુત રીતે ચર્ચાતી વિગત અનુસાર જૂનાગઢ શહેર ભાજપનાં પ્રમુખ પોતાનો જ માણસ બને તે માટે જૂનાગઢનાં ધારાસભ્ય સંજય કોરડીયા અને તેમનું જુથ તેમજ અન્ય બે થી ત્રણ જુથ પણ સક્રિય બની ગયા છે. જયારે શહેર ભાજપનાં પૂર્વ પ્રમુખ પુનીત શર્માએ પણ પ્રમુખ પદનો તાજ મેળવવા માટે દાવેદારી નોંધાવી છે.

જયારે જીલ્લા ભાજપનાં પ્રમુખ કિરીટ પટેલ સામે પણ એક યા બીજા કારણસર પક્ષમાં ઘુંઘવાટ જોવા મળે છે. અને તેમની સામે પણ ગંભીર પ્રકારનાં ગેરરીતી અને ગેરકાયદેસર બાંધકામોનાં આક્ષેપો પણ થયા છે.

આમ જૂનાગઢ શહેર ભાજપનાં પ્રમુખ પદની વરણી તેમજ જીલ્લા ભાજપનાં પ્રમુખ પદની વરણી માટેનું કાર્ય મોવડી મંડળ માટે પણ અતિ મુશ્કેલ બની ગયું છે. આવા જ સંજોગોમાં મહાનગરપાલિકાની ચુંટણી જયારે નજીક આવી રહી છે ત્યારે આ ચુંટણીમાં પણ ભાજપ સારો દેખાવ કરે એટલે કે ફરી એકવાર શાસન ઉપર બીરાજે તેવી વ્યુહ રચના પણ ઘડવી પડશે અને ઘડાઈ રહી છે.

તો બીજી તરફ જ્ઞાતિનું સમીકરણ પણ મોટુ પરીબળ બનીને સામી આવી રહયું છે. જેથી શહેર ભાજપ પ્રમુખ અને જીલ્લા ભાજપ પ્રમુખનો તાજ કોના શીરે આવે છે તે ઉપર સંબંધીત તમામની મીટ છે. અને આ બંને મહત્વનાં પદ મેળવવા માટે ભારે ખેંચતાણ, જુથવાદ અને જોરદાર લોબીંગ હાલ ચાલી રહયું હોવાની ચર્ચા થઈ રહી છે.

# જૂનાગઢના જલારામ ભકિધામ ખાતે, રાંદલમાના ૨૧૮ સમૂહ લોટાનો ઐતિહાસિક અવસર યોજાશે







## એકસાથે ૭૦ દંપતિઓ પૂજનવિધિમાં બેસી ૧૫૨૬ ગોઈણીઓના પગ ધોઈ પૂજા કરશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૦

જલારામ પરિવાર ટ્રસ્ટ દ્વારા રાંલદમાના ૧૦૮ લોટા માટે આયોજન મૂકાયુને માત્ર બે જ દિવસમાં તે ટાર્ગેટ પુરો થઈ ગયો પછી પણ સતત માંગ વધતી ચાલી, નાછૂટકે આગ્રહવશ થઈને આયોજકોએ ૨૧૮ લોટા સુધી નોંધણી કરી તો પણ સંખ્યાબંધ લોકોને નિરાશ કરવા પડયા. લોટાની નોંધણી ભારતભરના વિવિધ શહેરોમાંથી તો થઈ છે પણ વિદેશોમાં વસતાં આપણાં ભારતીય લોકોને આ બહુ ગમ્યું. ત્યાં પણ લોકો આવી માનતા કરે છે પણ તે પૂરી કેમ કરવી ? તેઓ તરફથી ભારે આવકાર મળ્યો. ઉપરાંત યુકે, અમેરિકા, આફ્રિકાથી દાનનો ધોધ પણ વહી રહ્યો છે. આજ સુધીમાં ૨૧૮ સમૂહ લોટાનો કાર્યક્રમ જલારામભકિતધામ સિવાય કયાંય યોજાયોનો દાખલો નથી. આવા ઐતિહાસિક, ભવ્યાતિભવ્ય અને ભગીરચ કાર્યક્રમને પાર પાડવા તડામાર તૈયારીઓ ચાલે છે. પૂજન વ્યવસ્થા, ગોઈણી શ્રુસેવા, ભોજન વ્યવસ્થા એવી સમિતિઓ બનાવી કાર્યકરો વચ્ચે કામની વહેંચણી થઈ ગઈ છે. તા.૧૨-૧-૨૫ રવિવારે સવારના સાત વાગ્યે સ્થાપનવિધિથી કાર્યક્રમની શરૂઆત થશે. સર્વે મનોરથીઓને સમય પહેલાં પહોંચી જવા કહેવાયું છે. ૧૧વાગ્યાથી ગોઈણી પૂજન શરૂ થશે. પોતે કરેલી ગોઈણીઓ પણ સમયસર હાજર થઈ જાય તેની કાળજી લેવાની છે. બધી જ ગોઈણીઓની વ્યવસ્થા માત્ર આયોજકો કરશે તેવું અગાઉ નકકી કર્યુ હતુ પણ હવે મનોરથીઓ લાવી શકે તેટલી ગોઈણીઓ પણ સ્વીકારશે તેવું જાહેર કર્યુ છે પણ આ અંગેની સંખ્યા મનોરથીએ અગાઉથી આપવાની રહેશે. મનોરચીના પરિવારને જમવાના પાસ આગલી રાત્રે શનિવારે નવ વાગ્યે આપવામાં આવશે તો અચૂક હાજરી આપવા અને પોતપોતાના લોટા શણગારમાં મદદ કરે તેવી વિનંતિ પણ કરાય છે. સાંજના ચાર વાગ્યાથી સંગીતમય માતાજીના ગરબા ગવાશે. માતાજીનો ઘોડો ખુંદાશે. સાત વાગ્યે ૨૧૮ દિવડા સાથે દૈદિપ્યમાન આરતી થશે આવા રાંદલમાના દિવ્ય દરમબરના દર્શન માટે પધારવા સૌને સંસ્થના મેનેજિંગ ટ્રસ્ટી પ્રો. પી.બી. ઉનડકટ દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવેલ છે.

# જૂનાગઢના નવા નાગરવાડા વિસ્તારમાં ભુગર્ભ ગટરની પાઈપ લાઈન તુટી જતા લોકો પરેશાન



જૂનાગઢ તા.૧૦

જૂનાગઢ કોર્પોરેશન દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં વિકાસના નામે કરવામાં આવતી કથીત કામગીરીને કારણે છેલ્લા કેટલાક સમયથી લોકો રસ્તા સહિતના પ્રશ્ને પરેશાની ભોગવી રહયા છે. દરમ્યાન જૂનાગઢ શહેરના નવા નાગરવાડા વિસ્તારમાં થોડા સમય પહેલા ભુગર્ભ ગટરની પાઈપ લાઈન નાખીને કનેકશન આપવામાં આવ્યું હતું. આ કામગીરી પુર્ણ થયા બાદ ૧૫ દિવસ પછી રોડનું કામ શરૂ થયું હતુ અને આ રોડ બનાવવા માટે ખોદાણ કામ કરવામાં આવ્યું ત્યારે કનેકશનના પાઈપો તુટી ગયા હતા અને હવે એ પાઈપ રીપેર થાય પછી રોડની કામગીરી શરૂ થઈ શકશે તેવું જાણવા મળે છે. પ્રજા અનેક સુવિધાથી વંચિત રહી છે ત્યારે નાના-મોટા વિવિધ પ્રશ્ને સતત ફરીયાદોનો ધોધ વહી રહયો છે. દરમ્યાન નવા નાગરવાડા વિસ્તારમાં પાઈપ લાઈન તુટી જતા તાત્કાલીક રીપેરીંગ કરી અને રસ્તાની કામગીરી વહેલી તકે કરવાની લોકોમાં માંગણી છે.

# કેશોદના મેસવાણ ગામે જાહેરમાં જુગાર રમતા ૯ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૦

કેશોદના મેસવાણ ગામે જાહેરમાં જુગાર રમતા ૯ શખ્સોને કેશોદ પોલીસ ઝડપી લીધેલ, જયારે રેડ દરમ્યાન બે શખ્સો નાસી છુટતા ૧૧ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર કેશોદ પોલીસે મેસવાણ ગામ રેલ્વે પાટાની બાજુવાળી સીમમાં રેડ પાડતા જાહેરમાં જુગાર રમતા દિનેશ ઉર્ફે સુખો કાળા મારૂ, મહેશ મણીલાલ સંઘાણી, કૌશીક કાંતીભાઈ ગરાળા, દિનેશ મેઘાભાઈ બાબરીયા, હર્ષભાઈ મહેશભાઈ બાબરીયા, મનોહરભાઈ દિલીપભાઈ દયાતર, પરેશભાઈ હરીભાઈ ભુવા, હનીફભાઈ બોદુભાઈ હાલા અને દેવાભાઈ કરશનભાઈ દિવરાણીયાને ૨૪૫૦૦, ૮ મોબાઈલ અને ૩ મોટર સાયકલ મળી કુલ રૂા.૯૭૫૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ જયારે શૈલેષભાઈ અને ધવલ બગીયા નાસી છુટતા પોલીસે તમામ આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢ જીલ્લામાં ૨ અપમૃત્યુના બનાવો નોંધાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૦

જૂનાગઢ જીલ્લામાં ગઈકાલે ૨ અપમૃત્યુના બનાવો પોલીસ ચોપડે નોંધાયા છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર માણાવદર પોલીસ મથકે ભાયદાસભાઈ રાખીયાભાઈ પવારે જાહેર કરેલ કે મૃતક દીલીપ નાનલા પરીહાર (ઉ.વ.૩૪) રહે.હાલ વેળવા, મુળ કળીયા, મધ્યપ્રદેશવાળો વેળવા ગામે રેનબસેરાના ધાબા ઉપર રેતી ઉતારવા જતા ઉપરથી પસાર થતી ઈલેકટ્રીક લાઈનમાંથી અચાનક સ્પાર્ધ થતા વીજશોક લાગતા મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે. તેમજ જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં કોઈ બીમાર સબબ દાખલ થયેલ પરબત માલદેભાઈ મુછળીયા (ઉ.વ.૬૦) રહે.ચાંદીગઢ કેશોદવાળાઓ કોઈ કારણોસર આંચકી આવતા પલંગ ઉપરથી પડી જતા માથામાં તથા નાકમાં ઈજા થતા વધુ સારવાર માટે રાજકોટ સરકારી હોસ્પિટલમાં દાખલ કરતા ફરજ પરના ડોકટર મૃતક જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

# રાજકોટમાં ૧૨ અને ૧૯મી જાન્યુઆરીએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનું પથ સંચલન

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૧૦

આ વર્ષે, જયારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના શતાબ્દી વર્ષની ઉજવણી પૂર્વ તૈયારી થઈ રહી છે, ત્યારે સંઘ કાર્યના વિસ્તાર, સમાજમાં સજ્જનશક્તિનું જાગરણ, અને વ્યક્તિ નિર્માણ થકી મજબૂત રાષ્ટ્ર નિર્માણના સંકલ્પ સાથે સ્વયંસેવકો ઉત્સાહ અને પરિશ્રમ સાથે કાર્ય કરી રહ્યા છે. રાજકોટ મહાનગરમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ભૌગોલિક રચનામાં પાંચ વિસ્તારો અને ૩૫ નગર બનાવવામાં આવ્યા છે, જેમાંથી ત્રણ વિસ્તારોના પથ સંચલન આગામી સપ્તાહમાં યોજાશે. ૧૨મી જાન્યુઆરીએ પથ સંચલન - વર્ધમાન અને નટરાજ વિસ્તાર

**વર્ધમાન વિસ્તારઃ** રાજકોટનો મધ્યભાગ એટલે વર્તમાન વિસ્તાર, જેનું પથ સંચલન ૧૨મી જાન્યુઆરીએ સાંજે ૫ઃ૩૦ કલાકે વસુંધરા સોસાયટીથી શરૂ થશે. માર્ગમાં શ્રી વસુંધરા સોસાયટી, કેનાલ રોડ, જિલ્લા ગાર્ડ ચોક, રામનાથ પરા, ગરૂડની ગરબી, કોઠારિયા નાકા, પેલેસ રોડ, ગુંદાવાડી સહિતના વિસ્તારોમાંથી પસાર થશે.

**નટરાજ વિસ્તારઃ** રાજકોટનો પશ્ચિમ ભાગ એટલે નટરાજ વિસ્તાર. રાજકોટમાં ઘણા સમય પછી આ વિસ્તારમાં કૌમુદી સંચલન નીકળશે. સાંજ પડ્યા પછી નીકળતા સંચલનને સંઘમાં કૌમુદી સંચાલન કહેવામાં આવે છે. આ કૌમુદી પથ સંચલન ૧૨મી જાન્યુઆરીએ સાંજે ૭ઃ૩૦ કલાકે નાગર બ્રાહ્મણ બોર્ડિંગ અને વિરાણી સ્કૂલથી શરૂ થશે. આ પથ સંચલન ટાગોર રોડ, એસ્ટ્રોન ચોક, જિલ્લા પંચાયત ચોક સહિતના વિસ્તારોમાંથી પસાર થશે.

**૧૯મી જાન્યુઆરીએ પથ સંચલન - મારૂતિ વિસ્તાર**

**મારૂતિ વિસ્તારઃ** રાજકોટનો ઉત્તર ભાગ એટલે મારુતિ વિસ્તાર. અહીં ૧૯મી જાન્યુઆરીએ પથ સંચલન સાંજે ૫ઃ૦૦ કલાકે શરૂ થશે. આ પથ સંચલન જંકશન કો. ઓપ. સોસાયટી, પીડબલ્યૂડી ક્વાર્ટર મેદાન, ઝૂલેલાલ મંદિર, હંસરાજ નગર, જંકશન, અને સિટી કોલોની વિસ્તારોમાંથી પસાર થશે.

**૮ ફેબ્રુઆરીએ લક્ષ્મી વિસ્તારનું સંચલન**

લક્ષ્મી વિસ્તારનું પથ સંચલન આગામી ૮મી ફેબ્રુઆરીએ મવડી નગર વિસ્તાર, બાપા સીતારામ ચોક ખાતેથી રાતે ૯ કલાકે નીકળશે. આ કૌમુદી સંચલનમાં સ્વયંસેવકો પૂર્ણ ગણવેશ તથા ઘોષ સાથે જોડાશે. પથ સંચાલનના રૂટ પર ઘોષના તાલે કદમથી કદમ મિલાવતા ગણવેશમાં શોભતા સંઘના સ્વયંસેવકોનું સ્વાગત અને સત્કાર કરવા અનેક સામાજિક સંસ્થાઓ મંડળો તથા સ્થાનિક લોકોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. રાજકોટમાં એક જ દિવસે બે અલગ અલગ સ્થાનેથી સંચાલન નીકળશે એ એક વિશેષતા હશે.

# કેશોદના વાઘેશ્વરી મંદિરે શાકંભરી નવરાત્રી મહોત્સવની



(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ તા.૧૦

શ્રી વાઘેશ્વરી મંદિર કેશોદ હાલમાં ચાલી રહેલી નવરાત્રી એટલે કે શાકંભરી નવરાત્રી મહોત્સવ તે કેશોદ ખાતે શરદ ચોકમાં આવેલ પ્રાચીન મંદિર તરીકે ઓળખાતા શ્રીવાઘેશ્વરી માતાજીના મંદિરે છેલ્લા ૧૭ વર્ષથી શાકંભરી નવરાત્રી મહોત્સવ ઉજવાય છે. તેમાં માતાજીને શાકભાજીના વિવિધ શૃંગાર કરવામાં આવે છે. આ નવરાત્ર પોષ સુદ આઠમથી પોષ સુદ પૂનમ સુધી હોય છે અને આ નવરાત્રી માત્ર એકલું શાકભાજી ખાયને રહેવાની હોય છે. આ નવરાત્ર દરમ્યાન શ્રી વાઘેશ્વરી માતાજીના મંદિરે સ્ત્રી નિકેતન મહિલા મંડળ દ્વારા આઠ દિવસ માતાજીના સાનિધ્યમાં યોગ શિબિર તથા રાસ ગરબાનું આયોજન કરેલ છે તેમનો લાભ કેશોદની ધર્મ પ્રેમી જનતા લે છે. આ પ્રાચીન મંદિર તરીકે ઓળખાતું વાઘેશ્વરી માતાજીનું મંદિર હજારો માઈ ભક્તોનું આસ્થાનો કેન્દ્ર છે કે જેના એકમાત્ર દર્શનથી તમામ મનની મનોકામના પૂર્ણ થાય અને ખૂબ જ બહોળી સંખ્યામાં માઈ ભક્તો દર્શનાર્થે આવે છે. પૂજારી ઉમંગ મહેતા દ્વારા ભારી જહેમત ઉઠાવી રંગેચંગે ઉજવણી કરવામાં આવે છે.

# પવિત્ર ધનુર્માસ એકાદશીનિમિત્તે શ્રીકષ્ટભંજનદેવ દાદાને રંગબેરંગી ગુલાબનાફુલોનો દિવ્ય શણગાર ધરાવાયો



(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર તા.૧૦

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી(અથાણાવાળા) ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી પવિત્ર ધનુર્માસ એકાદશી નિમિત્તે તા.૧૦-૦૧-૨૦૨૫ને શુક્રવારના રોજસાળંગપુરમાંશ્રીકષ્ટભંજન દેવ હનુમાનજીને દિવ્ય વાઘા તથા રંગબેરંગીગુલાબના ફુલો અને વડની વડવાઈ વડેદિવ્ય શણગાર ધરાવવામાં આવ્યો હતો. આજે સવારે ૫ઃ૪૫ કલાકે શણગાર આરતી પૂજારી સ્વામીદ્વારા કરવામાં આવી હતી. આજે કરાયેલા શણગાર વિશે પૂજારી સ્વામીએ જણાવ્યું કે રંગબેરંગી ગુલાબના ફુલો અને વડની વડવાઈ વડે દાદાના સિંહાસનને દિવ્યશણગાર કરાયો છે. દાદાને સિલ્કનાફુલની ડિઝાઈનના વાઘા ધરાવવામાં આવ્યા છે. આજે હરિભક્તોએ દર્શનનોલાભ લઈ ધન્યતાનોઅનુભવ કર્યો હતો. સાથોસાથ મંદિરની યજ્ઞશાળામાં મારૂતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. પવિત્ર ધનુર્માસ નિમિત્તેશ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર આયોજીત સાળંગપુરધામમાં પારિવારિક શાંતિ માટે મંદિરના પટાંગણમાં યજ્ઞશાળામાં શ્રી હનુમાન ચાલીસા યજ્ઞનું આયોજન તા.૧૬ -૧૨-૨૦૨૪ થી ૧૪ જાન્યુઆરી ૨૦૨૫ સુધી કરવામાં આવ્યું છે. યજ્ઞશાળામાં શ્રી હનુમાન ચાલીસા યજ્ઞ સવારે ૭ થી ૧૨ અને સાંજે : ૩ થી ૬ કલાક દરમ્યાન પવિત્ર ભૂદેવો વડે પૂજન-અર્ચન-આરતી કરવામાં આવી રહ્યા છે.

ગુજરાત સરકાર,
નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
બીજો પ્રયત્ન જાહેર નિવિદા નં.૩૩ ઓફ ૨૦૨૪-૨૫

કાર્યપાલક ઈજનેરશ્રી, જુનાગઢ સિંચાઈ યોજના વિભાગ, ૨/૩ બહુમાળી ભવન, સરદાર બાગ, (ફોનઃ૦૨૮૫-૨૬૩૦૩૨૯) જુનાગઢ-૩૬૨૦૦૧ની કચેરી દ્વારા ઓનલાઈન ટેન્ડરથી બીજો પ્રયત્ન મધુવંતી સિંચાઈ યોજના રીપેરીંગ ઓફ મધુવંતી કેનાલ ડીસ્ટ્રી.-૧ સાઇફોન કમ સી.આર. એટ ચે. ૫૮૬૭ મી. કેનાલ ફોલ એટ ચે. ૬૮૭૩.૦૦ એન્ડ માઇનોર કેનાલ ફોલ એટ ચે. ૬૪૦.૦૦ મી. સી.ટી.આર.બી. એટ ચે. ૯૦.૦૦ મી. નીયર વીલેજ મેંદરડા ના કામની અંદાજીત રકમ રૂ.૬,૩૭,૨૦૩.૨૭ના કામ માટે માન્ય ઈજારદારશ્રી 'ઇ-૨" અને ઉપરની શ્રેણીઓ પાસેથી ઓનલાઈન ટેન્ડર માંગવામાં આવે છે.જેwww.tender.nprocure.comવેબસાઇટ પર તા.૧૦/૦૧/૨૦૨૫ થી તા.૨૪/૦૧/૨૦૨૫ સમય ૧૮.૦૦ કલાક સુધીમાં ભરવાના રહેશે.ફીઝીકલ ડોકયુમેન્ટસ ફકત રજી.એ.ડી./સ્પીડ પોસ્ટથી ઉપરોક્ત કચેરીએતા.૩૧/૦૧/૨૦૨૫ સુધીમાં મોકલવાના રહેશે.કવર રૂબરૂ/ટપાલથીકે કુરીયરથી સ્વીકારવામાં આવશે નહીં.વધુ વિગત માટેwww.statetenders.gujarat.gov.inવેબસાઈટ પર જોવા મળશે. વધુ વિગતો કામકાજના દિવસો દરમ્યાન ઉપરોકત કચેરીનો સંપર્ક કરવાથી મળશે.

નોંધઃ- હવે પછી કોઇ સુધારા થશે તો ઓનલાઇન વેબસાઇટ પર સુધારોમુકવામાં આવશે

માહિતી/જુના/જા.ખ./૮૦૫/૨૫

ટુકી નિવિદા
જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ

પ્રાધ્યાપક અને વડાશ્રી, કૃષિ અર્થશાસ્ત્ર વિભાગ જૂ.કૃ.યુ. જૂનાગઢની કચેરીમાં છત ઉપર ડેમ પ્રૂફની કામગીરી કરાવવા માટેના ભાવ પત્રક આ કચેરી તરફથી મંગાવવામાં આવે છે. કોરા ભાવ પત્રક તેમજ ડેમ પ્રૂફની કામગીરી માટેના સ્પેસીફીકેશનની વિગત અત્રેની કચેરીએથી તા.૧૫/૦૧/૨૦૨૫ સુધીમાં કચેરીમાં અરજી કર્યેથી મળી શકશે. ભાવ પત્રક તા.૨૨/૦૧/૨૦૨૫ સુધીમાં ૧૪.૦૦ કલાક સુધીમાં રજીસ્ટર એ.ડી.થી પહોચતા કરવાના રહેશે.

માહિતી/જુના/જા.ખ./૮૦૩/૨૫

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગંમ એસ.ટી.
વિભાગીય યંત્રાલય જુનાગઢ. વિભાગ જૂનાગઢ
ફોન નં.૬૩૫૯૯૧૮૫૫૫

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ વિભાગીય યંત્રાલય જુનાગઢ દ્વારા વિભાગ ખાતેના ૦૯ (નવ) ડેપો જુનાગઢ,પોરબંદર,ઉપલેટા,વેરાવળ,કેશોદ,ધોરાજી,માંગરોળ,બાંટવા,જેતપુર તથા વિભાગીય યંત્રાલય જુનાગઢ ખાતેના વાહનોની પીરિયોડીકલ મેઈન્ટેનન્સ (ડોકીંગ) કામગીરી તથા મોટર રિવાઈડીંગ તેમજ પી.એમ.ઈ આઈટમ રિપેરિંગ ટેન્ડરમાં જણાવ્યા મુજબ શરતો મુજબની કામગીરી ખાલી મજુરી કામથી વાર્ષિક કરાર માટે ટેન્ડરો મંગાવવામાં આવે છે. જે ટેન્ડર ફોર્મ તારીખ 13/01/2025 સુધી ઓફીસના કામકાજના દિવસો દરમ્યાન ૧૧:૦૦ થી ૧૫:૦૦ કલાક સુધીમાં એસ.ટી.વિભાગીય યંત્રાલય મોતીબાગ, જુનાગઢ ખાતેથી મળી શકશે.ભરેલા ટેન્ડર ફોર્મ રૂબરૂ અથવા ટપાલ / કુરીયરથી તા.20/01/2025સુધીમાં ૧૫:૦૦ કલાક સુધીમાં મળી જાય તે મુજબ પરત કરવાના રહેશે. ટેન્ડર તારીખ 20/01/2025ના રોજ 15:00 કલાકે ખોલવામાં આવશે. ટેન્ડરના ભાવો મંજુર કરવાની આખરી સત્તા વિભાગીય નિયામકશ્રી જૂનાગઢની રહેશે.

માહિતી/જુના/જા.ખ./૮૦૯/૨૫

સહી/-
વિભાગીય નિયામક
એસ.ટી.જૂનાગઢ

### શહેરી વિકાસ તથા શહેરી આવાસ મંત્રાલય દ્વારા નવો પરિપત્ર

# ગુજરાતમાં TP ના અનામત પ્લોટનાં નિયમોમાં મહત્વના ફેરફાર

**● કોર્પોરેશન હવે અનામત પ્લોટની ૧૫ ટકા જમીનનું વેંચાણ કરી શકશે : અત્યારસુધી ૧૦ ટકાની મર્યાદા હતી**

**● આડેધડ હેતુફેર પર રોકઃ મહતમ ૨૫ ટકાની મર્યાદામાં જ અનામત જમીન અન્ય કે હેતુમાં વાપરી શકાશે**



અમદાવાદ તા.૧૦

ટાઉન પ્લાનીંગ (ટીપી) સ્કીમ ફાઈનલ થઈ ગયા બાદ અનામત પ્લોટનાં આડેધડ હેતુફેર સામે હવે રાજય સરકાર દ્વારા નવા નિયમો અમલી બનાવવામાં આવ્યા છે. કોર્પોરેશન-સતા મંડળોને અનામત જથ્થામાંથી વધુ જમીનના વેચાણની છુટ આપવામાં આવી છે. ઉપરાંત હેતૂફેર પર મર્યાદા મુકવામાં આવી છે.

રાજય સરકારનાં શહેરી વિકાસ તથા શહેરી આવાસ મંત્રાલય દ્વારા નવો પરિપત્ર ઈસ્યુ કરવામાં આવ્યો છે જે અંતર્ગત ટીપી સ્કીમનાં અનામત પ્લોટમાં ઊમેરા-બાદબાકી માટે ૨૫ ટકાની મર્યાદા મુકવામાં આવી છે.

શહેરી વિસ્તારોમાં ગાર્ડન, મેદાન, પાર્કીંગ, સ્કુલ, શહેરી વનીકણ જેવા હેતુસર અનામત રાખવામાં આવતા પ્લોટમાં ટીપી ફાઈનલ થાય અથવા પ્રાથમીક મંજુરી મળે ત્યારબાદ હેતુફેર કરી દેવાતા હોય છે.

રાજય સરકારનાં એક સીનીયર અધિકારીએ જણાવ્યું હતું કે દરેક ટીપી સ્કીમમાં જમી માલીકો પાસેથી ૪૦ ટકા જમીન સંપાદીત કરી લેવાતી હોય છે. આ જગ્યામાંથી ૧૫ ટકા રસ્તા માટે રાખવામાં આવે છે અને બાકીનો ૨૫ ટકા હિસ્સો પણ ગાર્ડન, શહેરી, ગરીબો માટે આવાસ પાર્કીંગ, સ્કુલ, મેદાન જેવી સામાજીક-કલ્યાણકારી સુવિધાઓ માટે અનામત રાખવામાં આવતા હોય છે.

ઉદાહરણ તરીકે ફાઈનલ પ્લોટમાં ગાર્ડન માટે ૧ લાખ મીટરનો પ્લોટ અનામત રાખવામાં આવ્યો હોય તો જરૂર પડયે તેમાંથી મહતમ ૨૫ ટકા અર્થાત ૨૫૦૦૦ મીટર જગ્યાનો જ હેતુફેર થઈ શકશે.

સુત્રોએ કહ્યુ કે કોર્પોરેશન-સતામંડળો દ્વારા હેતુફેર માટે વારંવાર સરકારને દરખાસ્ત કરવામાં આવે છે. વારંવાર ફાઈનલ ટીપીમાં સુધારા માટે પણ દબાણ કરવામાં આવે છે તે રોકવા આ કદમ ઉઠાવાયું છે. નવા નિયમ મુજબ અનામત જમીનનાં મોટાભાગનો ઉપયોગ નિશ્ચિત હેતુ માટે જ કરવો પડશે.

સામાન્ય રીતે કોર્પોરેશન નોન-ટીપી વિસ્તારમાંથી જમીન પસંદ કરીને ટીપી સ્કીમનો મુસદો ઘડે છે સરકાર ટીપી અધિકારી નિયુકત કરે છે કોર્પોરેશને કોઈ સુધારા કર્યા હોય તો તેની ચકાસણી કરીને સ્કીમને પ્રાથમીક મંજુરી અપાય છે અને પછી આખરી સ્વીકૃતિ મળે છે.

નિયમ પ્રમાણે ફાઈનલ ટીપી સ્કીમમાં સુધારા માટે નવી દરખાસ્ત કરવી પડે છે અને તે માટે સરકારી મંજુરી આવશ્યક છે. સુધારા માટે સરકારને વારંવાર દરખાસ્ત થતી હોવાથી નવો પરિપત્ર ઈસ્યુ કરાયો છે.

દરમ્યાન નવા નિયમોમાં સરકારે મહત્વનો ફેરફાર કર્યો છે. કોર્પોરેશન-સતામંડળો અનામતની વધુ જમીન વેચાણ કરી શકશે હવે ૧૦ ને બદલે ૧૫ ટકા જમીન વેંચી શકાશે.જેનો અર્થ એવો થાય છે કે ટાઉન પ્લાનીંગ સ્કીમમાં અનામત હિસ્સામાંથી હવે ૧૦ ને બદલે ૧૫ ટકા જમીન વેંચાણ માટે રાખી શકાશે. હાઉસીંગ કે કોમર્સીયલ હેતુસર વેંચી શકાશે.

# અમદાવાદના ૮૦ વર્ષના વૃધ્ધ HMPV સંક્રમિત થયા : ઉંમરલાયક દર્દીનો દેશનો સૌ પ્રથમ કેસ

અમદાવાદ, તા. ૧૦

ભારતમાં મૂળ ચીનના HMPV વાયરસના કેસ વધવાના શરૂ થઈ ગયા છે. ગુજરાતમાં પણ હવે ત્રીજો HMPVનો કેસ નોંધાયો છે. આ પહેલાના બે કેસ બાળકોને થયા હોવાનું સામે આવ્યુ હતુ. જો કે પહેલી વાર કોઈ વૃદ્ધને HMPV વાયરસ થયાનું હોવાનું સામે આવ્યુ છે. અમદાવાદમાં ૮૦ વર્ષીય વૃધ્ધનો HMPV રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. દેશમાં આ ઉંમરના વૃધ્ધને ચેપ લાગ્યાનો પહેલો કેસ છે.

ગુજરાતમાં સૌ પ્રથમ અમદાવાદ અને બાદમાં સાબરકાંઠા જિલ્લામાં નાના બાળકોને HMPV વાયરસના કેસ સામે આવ્યા બાદ હવે એક વૃધ્ધને વાયરસ થયાનો કેસ સામે આવ્યો છે. આ કેસ અમદાવાદના વસ્ત્રાપુરમાં સામે આવ્યો છે. અત્યાર સુધી સૌથી વધુ નાના બાળકોમાં આ એચએમપીવી વાયરસ જોવા મળતો હતો, પરંતુ કદાચ આ પ્રથમ કેસ છે કે જ્યાં ૮૦ વર્ષના વૃધ્ધને આ કેસ સામે આવ્યો છે.

વસ્ત્રાપુરમાં તેઓ રહે છે અને લાંબા સમયથી તેઓ અસ્થમાની બીમારીથી પીડાઈ રહ્યા હતા. એમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ તેમને નવમી તારીખે એમને સ્ટર્લિંગ હોસ્પિટલમાં એડમિટ કરવામાં આવ્યા હતા.

આરોગ્ય વિભાગની વિગતો પરથી સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે વૃદ્ધની તબિયત હાલ સુધારા પર છે અને સતત એમનું મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. આ સિવાય એમના પરિવારજનોનું પણ સતત આરોગ્ય વિભાગની ટીમ દ્વારા મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે.

નિષ્ણાંત તબીબો જણાવવામાં આવી રહ્યુ છે કે જે પ્રકારની તકેદારી કોવિડમાં દાખવી હતી, એ જ પ્રકારની તકેદારીની જરૂર આ પ્રકારના કેસમાં છે. આ સિવાય જેમની રોગપ્રતિકારક શક્તિ ખૂબ નબળી હોય એમને થઈ શકે છે અને એના જ કારણે આ વાયરસનો ચેપ સૌથી વધારે નાના બાળકોમાં જોવા મળે છે અને એમાં પણ એવા બાળકો કે જેમની ઉંમર બે વર્ષથી નાની હોય, પરંતુ આ ૮૦ વર્ષના વૃધ્ધને જ્યારે આવ્યો છે.

ત્યારે જરૂરથી એક ચિંતાની બાબત છે કારણ કે આ પ્રકારના કેસીસ જુદા જુદા સામે આવી રહ્યા છે અને એ પૈકીનો આ કેસ અમદાવાદમાં સામે આવ્યો છે કે જ્યાં ૮૦ વર્ષના વૃધ્ધને એચએમપીવીનો વાયરસ લાગ્યો છે.

આરોગ્ય વિભાગની ટીમ દ્વારા વૃધ્ધના પરિવારના સ્વાસ્થ્ય સહિતની તમામ બાબતો પર ફોકસ કરવામાં આવી રહ્યું છે. વૃધ્ધની વિદેશ હિસ્ટ્રીના સંદર્ભમાં પણ તપાસ કરવામાં આવી રહી છે.

# સૌરાષ્ટ્રના ૫ જિલ્લાની ૫૫ જેટલી શાળામાં ફી વધારો આખરે મંજુર



રાજકોટ તા. ૧૦

સૌરાષ્ટ્રની ફી નિયમન સમિતિ દ્વારા વર્ષે અલગ-અલગ સ્કૂલના વર્ગ, પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક મુજબ ૫૦૦૦થી વધુ ખાનગી શાળાઓની ફાઈલનો અભ્યાસ કરી જે-તે ખાનગી શાળાઓની ફી નક્કી કરતી હોય છે.

સૌરાષ્ટ્રની ૨૫ જેટલી શાળાએ હ્લઇઝ પાસે ફીમાં તોતિંગ વધારો માગ્યો છે. શાળાઓએ ૧૦ હજારથી લઈને ૫૦ હજાર સુધીનો ફી વધારા માટે ફી નિયમન સિમિતિ પાસે મંજૂરી માગી છે. શાળાની માંગ પરથી એક વાત તો ચોક્કસ નક્કી છે કે આવનારા દિવસોમાં વાલીઓ પર ફી વધારાનો વધુ એક બોજ પડી શકે

સૌરાષ્ટની રાજકોટ સ્થિત ફી નિયમન સમિતિએ સૌરાષ્ટ્રની ૨૮ શાળાઓની ફીમાં કોઈ વધારો કર્યો નથી અને ૭ શાળાની ફીમાં ઘટાડો કર્યો છે. અ સમિતિએ કુલ ૫ જિલ્લાની ૫૫ શાળાઓમાં ફી વધારો કર્યો છે. ફી નિયમન સમિતિ દર વર્ષે ખાનગી અને સરકારી શાળાઓની ફાઈલોના અભ્યાસ બાદ ફીમાં વધારો કરવો કે ઘટાડો અને કેટલો તે નક્કી કરતી હોય છે.

સૌરાષ્ટ ફી નિયમન સમિતિ પાસે કુલ ૨૫ શાળાઓને ફીમાં તોતિંગ વધારો માંગ્યો છે, આ શાળાઓએ કુલ ૧૦ હજારથી ૫૦ હજાર સુધીનો વધારો માંગ્યો છે. ફી નિયમન સમિતિએ વિવિધ શાળાની ૧૨૦૦ જેટલી ફાઈલ ક્લીયર કરી છે. ત્યારે ચાલો જાણીએ કે કઈ શાળાઓએ કુલ કેટલા ફી વધારાની માંગણી કરી છે.

## સોરઠ પંથકમાં ઠંડીમાં ઘટાડો : વાદળછાયું વાતાવરણ

જૂનાગઢ તા. ૧૦

સોરઠના તાપમાનમાં વધારો થતાં આજે સવારે ગિરનાર પર ૮.૭ ડિગ્રી ઠંડી રહી હતી. છેલ્લા બે દિવસથી તાપમાનમાં વધારો થઈ રહ્યો છે. ગુરુવારે ગિરનાર પર્વત પર ૪.૯ ડિગ્રી તાપમાન રહ્યા બાદ આજે સવારે લઘુત્તમ તાપમાન વધીને ૮.૭ ડીગ્રી નોંધાયું હતું.

આ જ પ્રમાણે જૂનાગઢનું લઘુતમ તાપમાન પણ સવારે વધીને ૧૩.૭ ડીગ્રી એ પહોંચ્યું હતું જેના પરિણામે ગુલાબી ઠંડી રહી હતી જોકે સવારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૦ ટકા રહેતા આજે પણ સવારના ધુમ્મસ છવાઈ ગયું હતું. સવારે પવનની પ્રતિ કલાકની ઝડપ ૨.૯ કિલોમીટરની રહી હતી.

# આ વર્ષે ધો.૧૦-૧૨નું ગુજરાત બોર્ડનું પરીણામ ઉંચું આવશે

## સારા માર્કસે પાસ થવા કોચીંગ કલાસ જરૂરીનો 'હાઉ' પણ ઘટશે



અમદાવાદ તા. ૧૦

આ વર્ષે ગુજરાત બોર્ડની ધો.૧૦ અને ધો.૧૨ની પરીક્ષા આપવા જઈ રહ્યા હો તો અત્યારથી પેંડાની તૈયારી કરી લેજો. આ વર્ષે ધો.૧૦-૧૨ની બોર્ડ પરિક્ષાનું પરિણામ ઉંચુ હશે. રાજયમાં વધતા જતા ડ્રોપ આઉટમાં રાજય બોર્ડના આકરા પરિણામને પણ એક રીતે જવાબદાર ગણાવાયુ છે.

ખાસ કરીને અનેક શાળાઓમાં બોર્ડ પરિણામો 'ઝીરો' એટલે કે એક પણ વિદ્યાર્થી પાસ થયા ન હોય તેવી ૭૦ સ્કુલોએ ગત વર્ષે અણગમતો રેકોર્ડ બનાવ્યો હતો. રાજય બોર્ડનુ પરિણામ ૭૦% અને તેની આસપાસ રહે છે. જયારે સેન્ટ્રલ બોર્ડ જે સીબીએસસીનું પરિણામ ૯૦% અને તેની આસપાસ રહે છે તેથી હવે ગુજરાત બોર્ડએ પણ તે પેટર્ન પર જવા નિર્ણય લીધો છે.

આકરા પરિણામના કારણે સ્કુલોમાં ડ્રોપઆઉટ રેટ પણ સતત વધી રહ્યો છે. જો કે ૨૦૨૪માંજ બોર્ડ પરિક્ષાના પરિણામો ખૂબજ સારા રહ્યા હતા. એચએસસીનુ પરિણામ (ધો.૧૦) ૮૨.૫૬% હતું જે છેલ્લા ૩૧ વર્ષનુ સૌથી ઉંચુ રહ્યુ હતું. કલાસ-૧૨ સાયન્સનું પરિણામ ૮૨.૪૫% રહ્યું છે અને સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૧.૯૩% રહ્યું છે જે પણ અત્યાર સુધીનું સૌથી ઉંચુ હતું.

સરકાર હજું આ રેકોર્ડ પણ સુધારવા માંગે છે. ખાસ કરીને ઉંચા પરિણામથી વિદ્યાર્થીને આગળ અભ્યાસનો રસ વધશે. ધો.૧૦ પછી ૧૧-૧૨ અને તે પછી કોઈ ટેકનીકલ અભ્યાસક્રમ 'નબળા' વિદ્યાર્થીઓ લઈને કુશળ શ્રમીક બની શકે છે તો રાજયમાં સાક્ષરતા દર પણ ઉંચો જશે તેવું શિક્ષણ રાજયમંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાનું માનવુ છે.

ગ્રામીણ ક્ષેત્રમાં નબળા પરિણામ એ સરકારની ચિંતા છે. ગ્રામીણ ક્ષેત્રોમાં ડ્રોપઆઉટ રેશિયો મોટો છે અને વિદ્યાર્થીઓ ખેતી કે તેવા વ્યવસાયમાં જોડાય જાય છે. શહેરોમાં આવી નાના-મોટા કામ શોધે છે જે પ્રવાહ પણ સરકાર ઘટાડીને શિક્ષિત યુવા સમાજમાં આવે તે નિશ્ચિત કરવા માંગે છે. ગત વર્ષે રાજયની ૭૦% શાળાઆમાં એકપણ વિદ્યાર્થી ધો.૧૦ કે ૧૨માં પાસ થયો ન હતો ત્યાં શિક્ષણનું સ્તર સુધારવા ખાસ આયોજન કરાયુ છે.

વિશ્વભરમાં હવે ઓપન સ્કુલ એકઝામ છે. ધો.૧૦નુ ૨૦૨૨/૨૩ એમ બે વર્ષ ૬૫% જ પરિણામ આવ્યા હતા અને ગત વર્ષે ઉંચુ પરિણામ અપાતા ડ્રોપઆઉટ રેટ ઘટયો છે. અન્ય રાજયોની સરખામણીમાં ગુજરાતનું પરિણામ નીચુ આવે છે. અનેક રાજય ૯૦.૯૧% પરિણામ આવે તો ગુજરાત વર્ષો સુધી ૬૦-૬૫ ટકાની આસપાસ ફરતુ રહ્યુ હતુ. જે ડ્રોપઆઉટ વધારે છે. વિદ્યાર્થીઓ ધો.૧૦ સુધી પહોચતા પણ ડરે છે અને ખોટો કોચીંગ કલાસનો હાઉ ઉભો થયો છે.

# 'મને અન્યાય થયો ત્યારે બધા મૌન કેમ હતા ? રેશ્મા સોલંકીએ કોંગ્રેસના નેતાઓ પાસે માંગ્યો જવાબ

અમરેલી તા. ૧૦

અમરેલીના પાયલ ગોટી કાંડમાં કોંગ્રેસના નેતાની પત્નીએ પણ ઝંપલાવ્યું છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા ભરતસિંહ સોલંકીની પત્નીએ કોંગ્રેસ નેતાઓ પર સવાલ ઉઠાવ્યા છે. પરેશ ધાનાણી, પ્રતાપ દૂધાત સહિતના લોકોને રેશ્મા સોલંકીએ વેધક સવાલ કર્યા છે.

રેશ્મા સોલંકીએ કહ્યું કે, ''મને અન્યાય થતો હતો ત્યારે તમે બધા કેમ મૌન હતા?, હું પણ પાટીદારની દીકરી છું તેમજ પક્ષના નેતા દમન આચરે ત્યારે કેમ મૌન થઈ જાઓ છો?'' તેમણે વધુમાં કહ્યું કે, ''મેં તમારી પાસે ન્યાયની ભીખ માગી હતી, મને આશા છે કે તમે મને પણ ન્યાય અપાવશો, હું ૨૪ કલાકમાં અમરેલીના રાજકમલ ચોકમાં પહોચું છું''

અમરેલીમાં પત્રકાંડની પીડિતાને ન્યાયને લઈ કોંગ્રેસ મેદાને ઉતર્યું છે, ત્યારે કોંગ્રેસ નેતા પરેશ ધાનાણીએ શાબ્દિક પ્રહાર કરતા કહ્યું કે, "પાટીદાર સમાજ જ નહી સમગ્ર સમાજની દીકરીના સન્માનની લડાઈ છે, પાયલ ગોટીની અડધી રાત્રે ધરપકડ કરવામાં આવી છે ત્યારે જવાબદાર અધિકારીઓ સામે પગલાં લેવા જોઈએ, પગલાં નહી ભરાય તો આવતીકાલે આંદોલનને આગળ લઈ જવાનું જાહેર કરાશે'' ત્યારે આ મામલે હવે રેશ્મા સોલંકી પણ મેદાને ઉતર્યા છે

# ભાવનગર જીલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં નકલી બિલના આધારે ૧ કરોડની છેતરપીંડીઃ ૨૮ સામે ગુનો દાખલ

ભાવનગર તા.૧૦

લઘુ ઉદ્યોગ શરૂ કરવા માટે લઘુ ઉદ્યોગકારોને આર્થિક સહાય મળે તે માટે સરકારની પ્રધાનમંત્રી મુદ્રા યોજના, પ્રધાનમંત્રી એમ્પ્લોયમેન્ટ જનરેટિંગ પ્રોગ્રામ અને બાજપાઈ બેંકેબલ યોજના જેવી યોજના અંતર્ગત લોન તથા સબસીડી આપવામાં આવે છે. આ યોજનાનો દુરઉપયોગ કરી નકલી ક્વોટેશન અને નકલી ઈનવોઈસ બીલો રજૂ કરી લઘુ ઉદ્યોગ શરૂ કરવા માટે સરકારી યોજનાનો ગેરકાયદેસર રીતે લાભ લઈ સરકારે સાથે રૂ.૧.૦૧ કરોડની છેતરપિંડી આચરનારા બેંક ઓફ બરોડાની મોખડાજી સર્કલ બ્રાંચના તત્કાલિન બ્રાંચ મેનેજર, તત્કાલિન ક્રેડિટ ઓફિસર અને તેના મળતીયાઓ સહિત ૨૮ શખ્સો વિરૂદ્ધ ઘોઘારોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતાં ચકચાર મચી છે.

લઘુ ઉદ્યોગ શરૂ કરાવવાના હેતુથી લઘુ ઉદ્યોગકારોને આર્થિક સહાય મળે તે માટે સરકાર દ્વારા પ્રધાનમંત્રી મુદ્રા યોજના, પ્રધાનમંત્રી એમ્પ્લોયમેન્ટ જનરેટિંગ પ્રોગ્રામ અને બાજપાઈ બેંકેબલ યોજના શરૂ કરવામાં આવી છે. જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં અરજી બાદ આ યોજનાઓ અંતર્ગત લોન અને સબસીડી મેળવવા માટેની આગળની પ્રક્રિયા શરૂ થાય છે. પરંતુ બેંક ઓફ બરોડાની ભાવનગર શહેરની મોખડાજી સર્કલ બ્રાંચમાં સરકારની આ કલ્યાણકારી યોજનાનો દુરઉપયોગ કરી નકલી ક્વોટેશન અને ઈન્વોઈસ બીલોની મદદથી સરકાર સાથે છેતરપિંડી આચરવામાં આવી છે. એપ્રીલ-૨૦૨૩ દરમિયાન ભાવનગર શહેર અને જિલ્લાની બેંક ઓફ બરોડાની બ્રાંચનું ઓડિટ થયું હતું જેમાં ભાવનગર શહેરની મોખડાજી સર્કલ બ્રાંચ ખાતેથી ક્રુધાનમંત્રી મુદ્રા યોજના, પ્રધાનમંત્રી એમ્પ્લોયમેન્ટ જનરેટિંગ પ્રોગ્રામ અને બાજપાઈ બેંકેબલ યોજના અંતર્ગત લોન લેનારા વ્યકતિઓએ બેંકમાં બનાવટી ક્વોટેશન અને ઈનવોઈસ બીલો રજૂ કરી લોન મેળવી લીધી અને અરજીમાં દર્શાવેલ ધંધાના સ્થળે કોઈ મશિનરી કે ધંધાનું સ્થળ નહી મળી આવતા લોન અને સબસીડીની રકમ ભરપાઈ કરવા માટે ૨૪ લાભાર્થીઓને નોટિસ મોકલવામાં આવી હતી.

જેમાંથી ૧૦ લોકોએ નોટીસ આપ્યેથી લોન ભરપાઈ કરી દીધી હતું પરંતુ ૧૪ લાભાર્થીઓએ નોટીસને પણ નહી ગણકારી આજદીન સુધી લોન નહી ભરી સરકાર સાથે કુલ રૂ.૧,૦૧,૩૫,૩૪૧ની છેતરપિંડી આચરી હતી. આ સમગ્ર કૌભાંડમાં બેંક ઓફ




બરોડા મોખડાજી સર્કલ બ્રાંચના તત્કાલિન બ્રાંચ મેનેજર અને તત્કાલિન ક્રેડિટ ઓફિસર અને તેના મળતીયાઓ દ્વારા સરકારી યોજનાઓ અંતર્ગત આપવામાં આવતી લોન મંજુર કરતા પહેલા વેરિફિકેશન અને લોન મંજુર થતાં પછી પોસ્ટ વેરિફિકેશન નહી કરી સ્ટાન્ડર્ડ પ્રોસિઝર અનુસરતા બેંક ઓફ બરોડાની મોખડાજી સર્કલ બ્રાંચના તત્કાલિન બ્રાંચ મેનેજર શિવશંકર ઝા તથા ક્રેડિટ ઓફિસર પ્રદિપ મારુને ગત તા.૦૧ જૂન,૨૦૨૩ના રોજ સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા અને તેમની સામે બેંક દ્વારા ઈન્ટરનલ ઈન્ક્વાયરી કરવામાં આવી હતી. જે બનાવ અંગે બેંક ઓફ બરોડાના રિજનલ હેડ (આસિસ્ટન્ટ જનરલ મેનેજર) રાજેશ ભાકર શિવરામસિંહ ભાકરે આજે ઘોઘા રોડ પોલીસ મથકમાં ૨૪ લાભાર્થીઓ, બેંક ઓફ બરોડા મોખડાજી સર્કલ બ્રાંચના તત્કાલિન બ્રાંચ મેનેજર અને તત્કાલિન ક્રેડિટ ઓફિસર અને તેના મળતીયાઓ મળી કુલ ૨૮ લોકો સામે સરકારી સબસીડી મેળવવા માટે દસ્તાવેજો સાથે ચેંડાં કરી ષડયંત્ર રચી વિશ્વાસઘાત કરી છેતરપિંડી આચરવા સહિતની કલમ અન્વયે ફરિયાદ નોંધાવી હતી. બનાવને લઈ શહેરભરમાં ભારે ચકચાર મચી હતી.

# પાકિસ્તાનમાં ૧૬ અણુ વિજ્ઞાનીના અપહરણ : ખળભળાટ

## તાલીબાન સમર્થક આતંકવાદી સંગઠનનુ કૃત્યઃ શસ્ત્રસજ્જ ત્રાસવાદીઓ હથિયારના નાળચે ઉઠાવી ગયા

કરાચી,તા.૧૦

પરમાણુ બોંબ વિનાશકારી છે એમાં પણ જો કોઈ આતંકવાદીના હાથમાં આવી ગયા તો દુનિયાનું આવી જ બને.

પાકિસ્તાનમાં શ્વાસ અધ્ધર કરી નાખનારી ઘટના બની છે જેમાં 'તહરીકે એ તાલિબાન' (ટીટીપી) નામના એક આંતકી સંગઠને અણુબોંબ તો નહી પરંતુ અણુબોંબ બનાવનારા ૧૬ વિજ્ઞાનીઓનું અપહરણ કર્યુ છે.

ખુદ ટીટીપીએ અપહરણ કર્યાની કબુલાત કરી છે.

અપહરણ કરાયેલા તમામ પાકિસ્તાનના પરમાણુ ઉર્જા આયોગ (પીએઈસી) સાથે સંકળાયેલા છે. ટીટીપીએ એક વીડિયો બહાર પાડીને કેટલીક માંગણીઓ કરી છે. જો કે કેટલાક અહેવાલમાં પાકિસ્તાનના સ્થાનિક પ્રશાસન અને સરકારે અપહૃત લોકોને વૈજ્ઞાનિક નહી પરંતુ અન્ય કર્મચારી ગણાવીને ઢાંક પિછોડો કર્યો છે. હથિયારબંધ આતંકીઓએ વિજ્ઞાનીઓના વાહનોને આગ ચાંપી હતી.

પાકિસ્તાનમાં 'તહેરિક એ તાલિબાન પાકિસ્તાન' અફઘાનિસ્તાનની તાલિબાન સરકારનું સમર્થન ધરાવે છે. પાકિસ્તાનમાં ઘણા સમયથી સક્રિય છે પરંતુ ૧૫ ઓગસ્ટ ૨૦૨૧માં અફઘાનિસ્તાનમાં તાલિબાન શાસન આવ્યા પછી વધુ શકિતશાળી બન્યું છે.અફઘાનિસ્તાનમાં યુએસ અને સહયોગી દેશોની આર્મી સામે પડેલું ટીટીપી હવે પાકિસ્તાનની આર્મી અને સરકાર સામે પડયું છે.

ડુરાન્ડ લાઈન તરીકે ઓળખાતી ૨૬૫૦ કિમી લાંબી અફઘાન સરહદે પાક વિરોધી ગુપોને મદદ કરી રહયું છે. ખાસ કરીને અફઘાન પશ્તુનોનું મોટું સમર્થન ધરાવે છે. ટીટીપીને અંકૂશમાં રાખવા પાકિસ્તાન સરકાર અફઘાનિસ્તાનના તાલિબાન શાસનને જણાવતું રહે છે પરંતુ ટીટીપી મુદ્દે તાલિબાનોનું મૂક સમર્થન રહયું છે.